RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૨     બુધવાર તા.૧૭-૦૬-૨૦૨૬     અંક : ૧૪૩ વર્ષ : ૨૧     email :rajkot@aaspassindia.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

# દરિયાઈ વેપારને જીવંત રાખવા નાવિકોની સુરક્ષા જરૂરી : મોદી

## પીએમ મોદીએ ઓમાનની ખાડીમાં ભારતીય નાવિકોના મૃત્યુનો મુદ્દો ઉઠાવ્યો : વૈશ્વિક મંચ પર પરસ્પરનો વિશ્વાસ જ મુખ્ય સંપતિ ગણાવી

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમાનની ખાડીમાં અમેરિકી સેનાના હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના શહીદ થવાનો મુદ્દો ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર ખૂબ જ મજબૂતાઈથી ઉઠાવ્યો છે. ફ્રાન્સના એવિયાન શહેરમાં યોજાયેલી જી-૭ શિખર સંમેલનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વના ટોચના નેતાઓ સમક્ષ આ ગંભીર મામલો રજૂ કર્યો હતો. આ મુદ્દે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત ચર્ચા કરશે કે કેમ તે અંગે અનેક સવાલો થઈ રહ્યાં હતાં, આખરે આ મુદ્દે ભારતે પોતાનો પક્ષ રાખી સવાલ કર્યો છે. પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, વૈશ્વિક દરિયાઈ વેપારને જીવંત રાખતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ આપણા તમામ દેશોની સામૂહિક જવાબદારી છે. જી-૭ સમિટના સંપર્ક સત્રને સંબોધિત કરતા વડા પ્રધાન મોદીએ કહ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ વેપારમાં આવી રહેલા અવરોધોને કારણે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને મોટું નુકસાન થયું છે. આ તણાવ અને સંઘર્ષના કારણે કેટલાય નિર્દોષ ભારતીય નાગરિકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણે એવું વાતાવરણ ઊભું કરવું પડશે જ્યાં આપણા નાવિકો કોઈ પણ પ્રકારના ડર કે ભય વિના સુરક્ષિત રીતે પોતાનું કામ કરી શકે. એટલું જ નહીં પરંતુ 'નવી ભાગીદારી તૈયાર કરવા અને આંતરરાષ્ટ્રીય એકતાને ફરીથી બેઠી કરવા'ના વિષય પર આયોજિત આ સત્રમાં પીએમ મોદીએ પરસ્પર વિશ્વાસ પર ભાર મૂક્યો હતો.



વધુમાં પીએમ મોદીએ કહ્યું કે, 'આજના યુગમાં સૌથી મોટી વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેક્નોલોજી કે બજાર નથી, પરંતુ પરસ્પર વિશ્વાસ છે. આજના વિશ્વમાં કોઈપણ દેશની ઉર્જા, ખાદ્ય પદાર્થ, આરોગ્ય, સાયબર સુરક્ષા અને આર્થિક પ્રગતિ માત્ર તેની સરહદોની અંદર નક્કી નથી થતી, આપણે બધા એકબીજા પર નિર્ભર છીએ'.આવા અનેક વિષયો પર પીએમ મોદીએ પોતાના વિચારો રજૂ કર્યા હતાં. જી-૭ સમિટ દરમિયાન પીએમ મોદીએ બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મર અને કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની સાથે પણ અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. આ મુલાકાતોમાં વેપાર, સુરક્ષા અને પરસ્પર સહયોગ વધારવા અંગે અત્યંત હકારાત્મક ચર્ચા થઈ છે. બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મર સાથેની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-યુકે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા પર સહમતિ વ્યક્ત કરી હતી. જી-૭ સમિટના 'સાઈડલાઈન્સ' પર પીએમ મોદી અને કેનેડાના નવા વડા પ્રધાન માર્ક કાર્ની વચ્ચે પણ અત્યંત મહત્વપૂર્ણ મુલાકાત થઈ હતી. જેમાં બંને દેશોએ અત્યંત પારદર્શી અને ખુલ્લા મનથી દ્વિપક્ષીય સંબંધો તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમો પર પોતાના વિચારો શેર કર્યા હતા. પીએમ મોદીએ વિશેષ રૂપે કેનેડામાં વસતા ઓવરસીઝ ઈન્ડિયન્સની સંભાળ અને મદદ માટે કેનેડા સરકારનો આભાર માન્યો હતો. વેપારિક સંબંધો પર વાત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે ભારત, કેનેડા સાથે મુક્ત વ્યાપાર કરાર ને લઈને ખૂબ જ ઉત્સુક છે અને તેને આ વર્ષે જ પૂર્ણ કરવાનો લક્ષ્ય છે. કેનેડાના પીએમ માર્ક કાર્નીએ પીએમ મોદીને કેનેડા આવવાનું આમંત્રણ આપ્યું હતું, જેનો પીએમ મોદીએ સહર્ષ સ્વીકાર કર્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. આગામી સમયમાં પીએમ મોદી કેનેડાના પ્રવાસે જઈ શકે છે.



સ્વાસ્થ્ય એક સંપત્તિ સમાન છે,આરોગ્યની જાળવણી માટે શરીરને કાર્યરત રાખવું જરૂરી છે.સુખી સંપન્ન લોકો આરોગ્યની જાળવણી માટે વહેલી સવારે દોડવા માટે નીકળે છે,બીજી તરફ બેઘર બાળકો દિવસભરની રઝળપાટ કર્યા પછી વહેલી સવારે કુદરતના ખોળે મીઠી નીદર માણી રહ્યા છે.

# ટ્રમ્પ કરારમાં ઈરાનના મિસાઈલ કાર્યક્રમ અને પ્રાદેશિક જૂથોને લગતા મુદ્દાઓનો સમાવેશ કરવામાં નિષ્ફળ રહ્યા

## આ કરાર ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં એમઓયુ પર હસ્તાક્ષર થયા પછી અમલમાં આવશે

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન એક શાંતિ કરાર પર સંમત થયા છે જે લેબનોન સહિત મધ્ય પૂર્વમાં તમામ મોરચે દુશ્મનાવટ તાત્કાલિક બંધ કરવાનો પ્રયાસ કરે છે. શાંતિ કરારની લગભગ બધી શરતો જાહેર કરવામાં આવી છે, જેમાં સૌથી મહત્વપૂર્ણ શરતોનો સમાવેશ થાય છે: ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા અટકાવવા. વૈશ્વિક સપ્લાય ચેઈન માટે ગંભીર ચિંતાનો સ્ત્રોત, હોર્મુઝ સ્ટ્રેટ, તરત જ બધા માટે ખુલ્લું મૂકવામાં આવશે. આ કરાર ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં એમઓયુ પર હસ્તાક્ષર થયા પછી અમલમાં આવશે. પરંતુ નિષ્ણાતો જવાબ શોધી રહ્યા છે: ઓબામાના જેસીપીઓએ રદ કરીને ટ્રમ્પે શું પ્રાપ્ત કર્યું છે? આ વાર્તા ૨૦૦૨ માં શરૂ થાય છે, જ્યારે વિશ્વને પહેલી વાર ખબર પડી કે ઈરાન પરમાણુ કાર્યક્રમ ચલાવી રહ્યું છે. અમેરિકાએ શોધ્યું કે ઈરાન નાતાન્ઝ અને અરાકમાં પરમાણુ કાર્યક્રમો ચલાવી રહ્યું છે, જેનો અર્થ છે કે ઈરાન ભવિષ્યમાં પરમાણુ બોમ્બ મેળવી શકે છે. પછી અમેરિકા, યુરોપ અને આઈએઈએ તરફથી ઈરાન પર દબાણ આવ્યું. ૨૦૦૬ પછી, સંયુક્ત રાષ્ટ્ર, યુએસ અને યુરોપે ઈરાન પર વિવિધ પ્રતિબંધો લાદ્યા. આ પ્રતિબંધોએ ઈરાનના તેલ અને બેંકિંગ ક્ષેત્રોને મોટા સંકટમાં ધકેલી દીધા, જેના કારણે ઈરાન આ પ્રતિબંધોને ટાળવાના રસ્તાઓ શોધવા માટે પ્રેરિત થયું.

૨૦૦૯ માં, ડેમોક્રેટ બરાક ઓબામા રિપબ્લિકન જ્યોર્જ ડબલ્યુ. બુશના સ્થાને યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. ઓબામા માનતા હતા કે પ્રતિબંધો અથવા યુદ્ધ કોઈપણ સમસ્યાનો ઉકેલ નથી.

# વડોદરામાં ખાનગી ટ્રાવેલ્સની બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં ૬ વ્યક્તિના મોત

## રાજસ્થાનના બાસવાડાથી સુરત જઈ રહેલી બસના ચાલકે ટ્રકને પાછળથી ટક્કર મારી : ૨૦ થી વધુ મુસાફરોને થઈ ઈજા

વડોદરા

વડોદરા શહેરના રોડ રસ્તા રક્તરંજિત થવાનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે ટક્કરમાં ૦૬ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકમાં એક ૦૯ વર્ષનું બાળક પણ છે. બસના ચાલકે આગળ જઈ રહેલી ટ્રકને પાછળથી જોરદાર ટક્કર મારતાં આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે.



આ અકસ્માત અંગે મળતી વિગત પ્રમાણે રાજસ્થાનના બાસવાડાથી બસ સુરત જતી હતી. બસ વડોદરાના કોટંબી સ્ટેડિયમ પાસેથી પસાર થતી હતી ત્યારે બસના ચાલકે આગળ ઉભેલી ટ્રકને ટક્કર મારી હતી. અકસ્માતના કારણે ૦૬ લોકોનાં મૃત્યુ નીપજ્યા હતા, જ્યારે ૨૬ લોકો ઘાયલ થયા છે. ટ્રકમાં પશુ દાણ ભરેલો હતો. અકસ્માતમાં લક્ઝરી બસના કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતના કારણે હાલોલથી આવતા માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ ફાયરબ્રિગેડ સહિત એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ સ્થળ પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટના અંગે વડોદરાના ડેપ્યુટી મેયર આદિત્ય પટેલે જણાવ્યું કે, આજે સવારે ૩.૩૦ થી ૪.૩૦ વચ્ચે રાજસ્થાનથી સુરત જતી બસ કોટંબી સ્ટેડિયમ પાસે ઉભેલી ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ ખૂબ જ ગંભીર અકસ્માત છે. પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે અને સારવારના સંદર્ભે જરૂરી સારવાર મળી શકે તે માટે ગાડીઓ પણ પહોંચી છે.

જે દર્દીઓને સ્થળ પર પ્રાથિક સારવાર આપી શકાય તેમને ત્યાં

# તમિલનાડુમાં જન્મ લેનારા દરેક બાળક પર સરેરાશ ૧.૨૮ લાખ રૂપિયાનું દેવું

## તમિલનાડુની નવી સરકારે રાજ્યની કથળતી આર્થિક સ્થિતિને લઈને એક સત્તાવાર 'શ્વેત પત્ર' જાહેર કર્યો

ચેન્નાઈ

તમિલનાડુની નવી સરકારે રાજ્યની કથળતી આર્થિક સ્થિતિને લઈને એક સત્તાવાર 'શ્વેત પત્ર' જાહેર કર્યો છે. મુખ્ય પ્રધાન વિજયના નેતૃત્વ વાળી આ નવી સરકારના નાણા પ્રધાન એન. મેરી વિલ્સને જણાવ્યું કે રાજ્ય આ સમયે અભૂતપૂર્વ અને ભારે દેવાના સંકટનો સામનો કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, તમિલનાડુમાં જન્મ લેનારા દરેક બાળક પર હવે સરેરાશ ૧.૨૮ લાખ રૂપિયાનું દેવું છે. એટલે કે, આ રાજ્યમાં કોઈ પણ બાળકનો જન્મ થાય તેના ભારે ૧.૨૮ લાખનું દેવું આવે એટલું દેવું અત્યારે તમિલનાડું રાજ્ય પર છે.

આ સરકારી અહેવાલમાં અગાઉની એમ.કે. સ્ટાલિન સરકારની આર્થિક નીતિઓ અને કામકાજ પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રિપોર્ટની વાત કરવામાં આવે તો, પાંચ વર્ષ પહેલાં રાજ્ય પર આશરે ૪.૮ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું, જે હવે વધીને લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. જો આમાં અન્ય તમામ નાના-મોટા સરકારી દેવાં, પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ્સની લોન અને સરકારી ગેરંટીઓને જોડી દેવામાં આવે, તો રાજ્ય પર કુલ આર્થિક બોજ ૧૩.૧૮ લાખ કરોડ રૂપિયા પર પહોંચી જાય છે.

નાણા પ્રધાન એન. મેરી વિલ્સને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, પાછલા ૫ વર્ષોમાં સરકારે એટલું દેવું લીધું છે જેટલું વિતેલા ૬૦ વર્ષોમાં પણ લેવાયું નહોતું. સૌથી મોટી ચિંતા એ છે કે આ નાણાંનો ઉપયોગ કોઈ નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર (જેમ કે રસ્તા, હોસ્પિટલ કે સ્કૂલ) બનાવવાના બદલે રોજબરોજના સરકારી ખર્ચાઓ પૂરા કરવા માટે કરવામાં આવ્યો છે.તમિલનાડુ સરકાર જે પણ ૧ રૂપિયો કમાય છે, તેમાંથી ૨૨.૮ પૈસા તો માત્ર જૂના દેવાનું વ્યાજ ચૂકવવામાં જ વપરાઈ જાય છે. રાજ્યના મુખ્ય આર્થિક આંકડાની સ્થિતિની વાત કરવામાં આવે તો, રાજ્યની ખાધ ૪૬,૫૩૮ કરોડ રૂપિયાથી વધીને ૭૮,૩૨૪ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ટેક્સ દ્વારા થતી કમાણીમાં માત્ર ૫.૪૫% નો વધારો થયો છે, જે રાજ્યના રોકેટ ગતિએ વધતા ખર્ચ સામે ઘણો ઓછો છે. તમિલનાડુનું દેવું તેના ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ ના ૨૮.૩% એ પહોંચી ગયું છે.

ગયા મહિને મુખ્ય પ્રધાન પદ સંભાળ્યા બાદ વિજય સરકારનું આ પ્રથમ સૌથી મોટું આર્થિક પગલું છે. જોકે, આ સત્તાવાર રિપોર્ટ સામે આવે તે પહેલાં જ ડીએમકે પ્રમુખ એમ.કે. સ્ટાલિને આ આરોપોનો જવાબ આપતા દાવો કર્યો હતો કે તમિલનાડુ પર દેવું નિર્ધારિત મર્યાદાની અંદર જ છે. તેમણે કહ્યું હતું કે, રાજ્ય પાસે ફંડની કોઈ અછત નથી, બસ યોગ્ય રીતે સરકાર ચલાવવાની દાનત હોવી જોઈએ. હાલમાં આ નવો શ્વેત પત્ર જાહેર થયા બાદ ડીએમકે તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# ઉદ્ધવ જૂથના સાંસદોને ખરીદવા ૧૫ કરોડની ઓફર કરવામાં આવી હોવાનો સંજય રાઉતનો દાવો

## ઉદ્ધવ જૂથના છથી વધુ સાંસદો શિંદે જૂથમાં જાય તેવી શક્યતાના પગલે મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો

મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ગરમાવો આવી ગયો છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં મોટું ભંગાણ થવા જઈ રહ્યું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ઉદ્ધવના ૯માંથી ૬ સાંસદ બળવાખોર બનવાના મૂડમાં છે. યુબીટી સાંસદ સંજય રાઉતે મોટો દાવો કર્યો છે. રાઉતે દેવેન્દ્ર ફડણવીસને ટેગ કરીને દાવો કર્યો છે કે ઉદ્ધવ જૂથના સાંસદોને ૧૫-૧૫ કરોડની ઓફર આપવામાં આવી રહી છે. યુબિટીના ઘણાં સાંસદોના ફોન સ્વીચ ઓફ આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૬ થી ૭ સાંસદો એકનાથ શિંદે જૂથમાં સામેલ થઇ શકે છે.

અગાઉ શિવસેના (શિંદે) નેતા પ્રતાપ સરનાઈકે સંકેત આપ્યો હતો કે અમારી પાર્ટીમાં બળવાખોર સાંસદોનું સ્વાગત કરવામાં આવશે. સરનાઈકના સંકેતોથી ઉદ્ધવ જૂથમાં વિદ્રોહની સંભાવનાને બળ મળ્યું હતું. સંજય રાઉત દિલ્હી પહોંચ્યા ત્યારે જ ઉદ્ધવ જૂથના સાંસદોના પક્ષ પલટાની ચર્ચાઓ શરુ થઇ ગઇ હતી.

એવું માનવામાં આવતું હતું કે રાઉત શિવસેનાના બાગી ૯ સાંસદો દ્વારા અલગ સમૂહ બનાવવાની સંભાવનાને રોકવા માટે લોકસભા અધ્યક્ષ બિરલા સાથે મુલાકાત કરી શકે છે.



સૌરાષ્ટ્ર આસપાસ

# વાવ - થરાદ જિલ્લામાં ૧૦૦૦ શિક્ષકોની ઘટ

## વાવ-થરાદ જિલ્લાના અંતરિયાળ ગામડાઓમાં શિક્ષણ કાર્ય હાલમાં ઝીરો લેવલ પર પહોંચી જતા ગરીબ પરિવારના બાળકોનું ભવિષ્ય ડામાડોળ

ગાંધીનગર,

રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણના સ્તરને સુધારવા માટે કરવામાં આવતી મોટી-મોટી જાહેરાતો અને દાવાઓની પોલ સરહદી વિસ્તારમાં ખુલ્લી પડી ગઈ છે. વાવ-થરાદ જિલ્લાના અંતરિયાળ ગામડાઓમાં શિક્ષણ કાર્ય હાલમાં ઝીરો લેવલ પર પહોંચી ગયું હોય તેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. અહીંના ભૌગોલિક અને વહીવટી પ્રશ્નોના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોના શિક્ષણ પર માઠી અસર પડી રહી છે.





નવરચિત વાવ-થરાદ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં અંદાજે દોઢ લાખ ૧,૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. નિયમ અને મહેકમ પ્રમાણે, શિક્ષકોની જરૂરિયાત સામે વર્તમાન સ્થિતિએ જિલ્લામાં અંદાજે ૧૦૦૦ શિક્ષકોની મોટી ઘટ વર્તાઈ રહી છે. જેના કારણે બાળકોનો અભ્યાસ રામભરોસે ચાલી રહ્યો છે. બીજી બાજુ થોડા મહિનાઓ અગાઉ જિલ્લાઓનું વિભાજન થતાં શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોને સ્થળ પસંદગી માટે સૂચનાઓ આપવામાં આવી હતી. આ પ્રક્રિયા અંતર્ગત વાવ-થરાદ જિલ્લામાંથી ૪૦૦ જેટલા શિક્ષકોએ અન્ય જિલ્લાઓમાં જવા માટે બદલીની માગ કરી હતી. જો કે, આ ૪૦૦ શિક્ષકોની બદલી મંજૂર થઈ હોવા છતાં પછાત વિસ્તારમાં શિક્ષકોની ઘટ હોવાથી વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી તેમને છૂટા કરવામાં આવ્યા નથી જેથી શિક્ષકોમાં પણ અસંતોષની લાગણી જોવા મળી રહી છે. આવી સ્થિતિ વચ્ચે સહરદી વિસ્તારના જિલ્લામાં શિક્ષણ વિભાગના નિયમ મુજબ શિક્ષકો શાળાથી માત્ર ૮ કિલોમીટરના અંતરે રહીને અપડાઉન કરી શકેછે. પરંતુ વાવ-થરાદ જિલ્લામાં સ્થિતિ તદ્દન વિપરીત છે અહી ઘણા શિક્ષકો ૧૦૦ થી ૧૫૦ કિલોમીટર દૂરથી અપડાઉન કરે છે. આટલા લાંબા અંતરની મુસાફરી કરીને આવતા શિક્ષકો શાળામાં બાળકોને કેટલો સમય અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકતા હશે તે એક મોટો સવાલ છે. આટલુંઓછુંહોય તેમ આવી વિકટ સ્થિતિ વચ્ચે પણ શિક્ષકોને વસ્તી ગણતરીની બિન-શૈક્ષણિક કામગીરી સોંપવામાં આવતા શિક્ષણ કાર્ય વધુ ગંભીર રીતે પ્રભાવિત થયુંછે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા નવા શિક્ષકોની ભરતી માટેની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે સ્થાનિક વાલીઓ અને આગેવાનોમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે શું આ નવી ભરતીમાં નવરચિત વાવ-થરાદ જિલ્લાની આ ૧૫૦૦ શિક્ષકોની ઘટ પૂર્ણ કરવામાં આવશે કે પછી દર વખતની જેમ સરહદી વિસ્તારના બાળકોનું શિક્ષણ કાર્ય આ જ રીતે ભગવાન ભરોસે ચાલ્યા કરશે? શિક્ષકોની ઘટ મામલે સ્થાનિકો દ્વારા માગ કરવામાં આવી છે કે, સરકાર આ બાબતે સત્વરે યોગ્ય નિર્ણય લઈ સરહદી વિસ્તારના બાળકોના ભવિષ્યને ધ્યાને લે.

# સુરતમાં પત્નીએ પ્રેમી સાથે મળી પતિને બિલ્ડિંગ પરથી ફેંક્યો, બાદમાં બ્લેડથી ગળું કાપ્યું

## મૃતકની પત્ની અને તેના પ્રેમી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો

સુરત,

સુરતના વેડ રોડ વિસ્તારમાં આવેલી રહેમતનગર સોસાયટીમાં થોડા દિવસો પહેલાં અકસ્માત તરીકે સામે આવેલી એક વ્યક્તિના મોતની ઘટનામાં ચોકબજાર પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. શરૂઆતમાં બિલ્ડિંગ પરથી પડી જવાથી થયેલા અકસ્માત મૃત્યુ તરીકે નોંધાયેલી આ ઘટનામાં પોલીસે તપાસ દરમિયાન હત્યાનો ભેદ ઉકેલી મૃતકની પત્ની અને તેના પ્રેમી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ પણ કરી છે.

મળતી માહિતી મુજબ, સુરતમાં વેડ રોડના પંડોળ વિસ્તારમાં આવેલી રહેમતનગર સોસાયટીમાં રહેતા જન્મજયકુમાર તીર્થ રાય (ઉ.વ. ૪૨)નું ગત ૮ જૂનના રોજ વહેલી સવારે શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. મૃતક મૂળ ઝારખંડ રાજ્યનો રહેવાસી હતો અને સુરતમાં પરિવાર સાથે રહેતો હતો. ઘટનાના દિવસે મૃતકની પત્ની ચાંદનીકુમારી જન્મજયકુમાર



રાય (ઉ.વ. ૩૨) એ પોલીસને જાણ કરી હતી કે તેના પતિ બિલ્ડિંગ પરથી પડી જતા ઈજાગ્રસ્ત થયા હતા અને તેમનું મોત થયું હતું. આ આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃતકના ગળાના ભાગે ગંભીર ઈજાઓ અને તેનાથી થયેલા રક્તસ્ત્રાવ ઉપરાંત મગજમાં આંતરિક રક્તસ્ત્રાવના કારણે મોત થયું હોવાનું સામે આવ્યું હતું.

# ખેડૂતો બાદ હવે રાજ્યભરમાં શિક્ષકોનું આંદોલન ૨૦ જૂન સુધી ધરણા કરીને આવેદનપત્ર આપશે

## વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોને ટીઈટી પરીક્ષામાંથી મુક્તિ આપવાની માંગ

અમદાવાદ,

રાજ્યમાં ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષકો પણ પોતાના હક્ક માટે રસ્તા પર ઉતરવાની તૈયારીમાં છે. વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોને ટીઈટી પરીક્ષામાંથી મુક્તિ આપવાની માંગ સાથે વિવિધ શિક્ષક સંગઠનો દ્વારા રાજ્યવ્યાપી વિરોધ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે.

શિક્ષક સંગઠનોના જણાવ્યા અનુસાર, આવતીકાલથી ૨૦ જૂન સુધી રાજ્યના તમામ જિલ્લાઓમાં તબક્કાવાર ધરણાં યોજવામાં આવશે. અલગ-અલગ તારીખે જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરવામાં આવશે. શિક્ષક સંઘ અને શૈક્ષિક સંઘ બંને પોતાના સ્તરે અલગ કાર્યક્રમો યોજીને આ મુદ્દે દબાણ વધારવાનો પ્રયાસ કરશે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તમામ શિક્ષકો માટે શિક્ષક પાત્રતા પરીક્ષા પાસ કરવી ફરજિયાત હોવાનો નિર્ણય આપ્યો હતો. આ નિર્ણયના પગલે વર્ષ ૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા અંદાજે એક લાખ જેટલા શિક્ષકો સામે નોકરી જાળવી રાખવા માટે ટીઈટી પાસ કરવાનો પડકાર ઊભો થયો છે. શિક્ષકોને વર્ષ ૨૦૨૮ પહેલાં ટીઈટી પરીક્ષા પાસ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળે છે.

આ મુદ્દે શિક્ષક સંગઠનોનું કહેવું છે કે વર્ષ ૨૦૧૦ પહેલાં ટીઈટી પરીક્ષાની વ્યવસ્થા અસ્તિત્વમાં

# એક વર્ષમાં ૦૫ કે તેથી વધુ વખત ચલણ ધરાવતા વાહનચાલકનું ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ થશે

## ગુજરાતના નાગરિકોને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને બાકી ઈ-ચલણ સમયસર ભરી દેવા રાજ્ય સરકારનો અનુરોધ

ગાંધીનગર,

ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ નવા સુધારાઓ મુજબ ઈ-ચલણ અંગે વાહનચાલકો અને માલિકો માટે ફરિયાદ નિવારણ, રકમ ભરપાઈ કરવાની મુદત તેમજ લાઈસન્સ સસ્પેન્શન અંગેની જોગવાઈઓ વધુ કડક બનાવવામાં આવી છે.

નવા નિયમોની મુખ્ય વિગતો:-

૧. ઈ-ચલણ સામે રજૂઆત કે ફરિયાદ માટે ૪૫ દિવસની સમયમર્યાદા: જો કોઈ પણ વાહનચાલક કે માલિકને ઈશ્યુ થયેલા ઈ-ચલણ સામે કોઈ વાંધો, ભૂલ કે રજૂઆત હોય, તો ચલણ ઈશ્યુ થયાની તારીખથી ૪૫ દિવસની સમયમર્યાદામાં 'ઈ-ચલણ પોર્ટલ' પર ઓનલાઈન ફરિયાદ દાખલ કરી શકાશે.

૨. ૪૫ દિવસ બાદ ચલણની આપોઆપ સ્વીકૃતિ અને ચૂકવણીની મુદત: ચલણ ઈશ્યુ થયાના ૪૫ દિવસ બાદ જો કોઈ ફરિયાદ નોંધાવવામાં નહીં આવે, તો એવું માની લેવામાં આવશે કે વાહન માલિક અથવા ડ્રાઈવર દ્વારા ચલણનો સ્વીકાર કરી લેવાયો છે. ચલણ સ્વીકૃતિના આ દિવસથી આગામી ૩૦ દિવસની અંદર ચલણની રકમની ભરપાઈ કરવાની રહેશે.

૩. સમયસર ચલણ ન ભરનાર વાહનનું "વાહન પોર્ટલ" પર સેન્ટ્રલ બ્લોકિંગ: જો નિયત સમયમર્યાદામાં ચલણની રકમ ભરવામાં નહીં આવે, તો જ્યાં સુધી રકમ પૂરેપૂરી ભરપાઈ ન થાય ત્યાં સુધી 'વાહન પોર્ટલ' પર સંબંધિત વાહનને *"NO to be transacted"* એટલે કે, બ્લોકની શ્રેણીમાં મૂકી દેવાશે. આ સ્થિતિમાં, મોટર વાહનના સરકારી ટેક્સ સિવાયની તમામ સેવાઓ જેવી કે ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રક્રિયા, આર.સી. બુક અથવા વાહન સંબંધિત અન્ય કોઈ પણ અરજીઓ પર કોઈ પણ પ્રકારની વહીવટી પ્રક્રિયા થઈ શકશે નહીં.

૪. ફરિયાદ નકારવામાં આવે તેવા કિસ્સામાં નિયમ: જો ફરિયાદ નિવારણ સત્તાધિકારી દ્વારા વાહનચાલકની રજૂઆતને નકારી દેવામાં આવે, તો ચાલકે ત્યારબાદ ૩૦ દિવસમાં ચલણની પૂરી રકમ ભરવી પડશે અથવા ચલણની રકમના ૫૦% રકમ ઈ-ચલણ પોર્ટલ પર ડિપોઝિટ તરીકે જમા કરાવી કોર્ટ સમક્ષ અપીલ કરવાની રહેશે.

# મહેસાણામાં રાત્રિના અંધકારમાં અસામાજિક તત્વોએ ૩ પશુઓની ઘાતકી હત્યા કરી

## ઘટનાને પગલે સ્થાનિક માલધારી સમાજ અને રહીશોમાં રોષની લાગણી

મહેસાણા,

કડીમાં આવેલી બલાસર કોલોનીમાં માનવતાને શર્મસાર કરતી એક અત્યંત ચોંકાવનારી અને ક્રૂર ઘટના સામે આવી છે. અહીં અજાણ્યા અસામાજિક તત્વોએ ત્રણ અબોલ પશુઓની નિર્મમ હત્યા કરતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાને પગલે સ્થાનિક માલધારી સમાજ અને રહીશોમાં તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. ઘટનાની જાણ થતાં જ પશુપાલક પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે અને વહેલી તકે ન્યાયની માગ કરી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, આ હૃદયદ્રાવક ઘટના સ્થાનિક પશુપાલક ગોવાભાઈ પરબતભાઈના પશુઓ સાથે બની છે. ગોવાભાઈ પોતાના અને મોટા ભાઈના પશુઓનું પાલનપોષણ કરતા હતા. રોજિંદા ક્રમ મુજબ તેઓ રાત્રે આશરે ૨ વાગ્યાની આસપાસ ભેંસો પાસે હતા અને ત્યાંથી તેઓ થોડા સમય માટે દૂર થયા હતા. જો કે, રાત્રે ૨થી વહેલી સવારના ૫ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા શખ્સોએ તકનો લાભ ઉઠાવી ત્રણ ભેંસોને નિશાન બનાવી હતી અને તીક્ષ્ણ હથિયારો વડે તેમને રહેંસી નાખી હતી. પશુપાલક જ્યારે સવારે ૫ વાગ્યે પોતાના પશુઓ પાસે પરત પહોંચ્યા ત્યારે ભેંસો ત્યાં જોવા મળી નહોતી. આસપાસ શોધખોળ અને તપાસ કરતા પશુઓની ક્રૂરતાપૂર્વક હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું હતું.

# મહેસાણાની સકર ડેરીમાંથી ફૂડ વિભાગે ૯૯૦ કિલો કેરી અને ૧૭૦ અખાદ્ય કેરીનો જથ્થો જપ્ત કર્યો

## બાળકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક એવી ૧૨૦ લીટર પેપ્સી પણ મળી આવી

મહેસાણા,

ઉનાળાની કાળઝાળ ગરમીમાં જો લોકોને સૌથી વધુ કંઈ પસંદ હોય, તો તે છે ઠંડો-ઠંડો કેરીનો રસ. લગ્નપ્રસંગ હોય કે ઘરનું જમણવાર, કેરીના રસ વગર બધું અધૂરું લાગે છે. પરંતુ જો તમે બજારમાંથી લાવીને કે ડેરીઓમાંથી રસ ખરીદીને પીતા હોવ, તો હવે ભારે સાવધ થઈ જવાની જરૂર છે. મહેસાણામાંથી એક એવા સમાચાર સામે આવ્યા છે જે તમારી ચિંતા વધારી શકે છે. મહેસાણાના શોભાસણ ગામ નજીક આવેલી જાણીતી સકર ડેરીમાં ફૂડ વિભાગે દરોડા પાડીને મોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે.

ગરમીની સીઝનની શરૂઆત થતાં જ ભેળસેળિયા તત્વો સક્રિય થઈ જતા હોય છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આવા તત્વોને પાઠ ભણાવવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કમર કસી છે. મહેસાણાના શોભાસણ રોડ પર આવેલી સકર ડેરીમાં ફૂડ વિભાગની ટીમે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ડેરીના પરિસરમાંથી ફૂડ વિભાગે નીચે મુજબનો



શંકાસ્પદ અને અખાદ્ય જથ્થો જપ્ત કર્યો છે.

સ્થળ પરથી અંદાજે ૯૯૦ કિલો જેટલી અખાદ્ય અને સડી ગયેલી કેરીઓ મળી આવી હતી. ગ્રાહકોને પીરસવા માટે તૈયાર રાખવામાં આવેલો ૧૭૦ કિલો કેમિકલયુક્ત કે શંકાસ્પદ કેરીનો રસ ઝડપાયો હતો. આ સિવાય બાળકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક એવી ૧૨૦ લીટર પેપ્સી પણ મળી આવી હતી. ફૂડ વિભાગે સ્થળ પરથી અંદાજે ૧૨૦૦ કિલો જેટલો શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૫૮,૧૦૦ આંકવામાં આવી રહી છે.

# સુરતની માસૂમ બાળકી ઉપર દુષ્કર્મ કેસમાં આરોપીને અંતિમ શ્વાસ સુધીની કેદની સજા

## પીડિત બાળકીને રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવાનો પણ કોર્ટ દ્વારા આદેશ કરાયો

સુરત,

સમગ્ર શહેરને હચમચાવી દેનારા ચોકબજાર વિસ્તારના ચાર વર્ષની માસૂમ બાળકી સાથે થયેલા દુષ્કર્મના કેસમાં કોર્ટે ઐતિહાસિક અને કડક ચુકાદો આપ્યો છે. કેસના આરોપી અંકિત ગૌતમને કોર્ટ દ્વારા અંતિમ શ્વાસ સુધીની કેદની સજા ફટકારવામાં આવી છે. સાથે જ આરોપી પર રૂ.૬૦ હજારનો દંડ પણ લાદવામાં આવ્યો છે. ઉપરાંત પીડિત બાળકીને રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવાનો પણ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. આ કેસે સમગ્ર સુરત શહેરમાં ભારે રોષ અને અરેરાટી ફેલાવી હતી.

ઘટનામાં ચાર વર્ષની નિર્દોષ બાળકીનું ચોકલેટની લાલચ આપી અપહરણ કરવામાં આવ્યું હતું. આરોપી બાળકીને પંડોળ વિસ્તારેથી લલચાવીને પોતાના કબ્જામાં લઈ ગયો હતો. ત્યારબાદ બાળકી વેડરોડ વિસ્તાર પાસે ગંભીર અને લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. આ હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર શહેરને ઝંઝોળી નાંખ્યું હતું અને લોકોમાં આરોપી સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ચોકબજાર પોલીસે તાત્કાલિક ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ માટે આ કેસને ઝડપી ઉકેલવો મોટો પડકાર હતો. તપાસ દરમિયાન આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ એકત્ર કરવામાં આવ્યા હતા, જેમાં આરોપી અંકિત ગૌતમ બાળકીને પોતાની સાથે લઈ જતો સ્પષ્ટપણે કેદ થયો હતો.

# રાજ્યવ્યાપી 'ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ' હેઠળ ૧૪ દિવસમાં ૮૪ બાળમજૂરોને મુક્ત કરાયા

## ઉદ્યોગો અને કારખાનાઓમાં બાળમજૂરો રાખી તેમનું શોષણ કરતા લોકો સામે કાર્યવાહીં

અમદાવાદ,

ઉદ્યોગો અને કારખાનાઓમાં બાળમજૂરો રાખી તેમનું શોષણ કરતા લોકો સામે ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી "ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ" હાથ ધર્યુ છે.

આ અભિયાનનાં પ્રથમ ૧૪ દિવસમાં જ સમગ્ર રાજ્યમાંથી ૮૪ બાળકમજૂરોને મુક્ત કરવામાં આવ્યાં છે તેમને મજૂરીએ રાખી ગુનો આચરતા લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. કુલ ૨૬ આરોપીઓ સામે ૧૬ કેસો કરવામાં આવ્યા છે.

આ અભિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનાં નેતૃત્વમાં હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ છે "દરેક બાળક શાળામાં હોવું જોઈએ, કોઈપણ બાળક મજુરી કરતું ન હોવું જોઈએ."

આ અભિયાન અંતર્ગત, પોલીસ દ્વારા સમગ્ર રાજયમાં ઔદ્યોગિક વિસ્તારો, વેપાર સંસ્થાઓ અને બાળ મજુરો રાખતા હોય તેવા એકમો પર દરોડા પાડવામાં આવે છે અને જયાં બાળમજૂરો મળે છે ત્યાંથી તેમને મુક્ત કરી આરોપીઓ સામે ગુના દાખલ કરવામાં આવે છે.

થોડા દિવસ પહેલા, સુરત શહેરનાં કામરેજ પોલીસ સ્ટેશનનાં અધિકારીઓને મળેલી બાતમીનાં આધારે જય અંબે ટેક્સટાઈલ્સ નામના કારખાનામાં દરોડા પાડ્યા. પોલીસે અહીંથી બે બાળકોને મુક્ત કરાવ્યા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, કારખાનાનો માલિક આ બાળકોને રોજ માત્ર ૨૦૦ જેટલું વેતન આપતો હતો. એટલુ જ નહીં, જો બાળકો કામ કરવાની ના પાડે, તો તેમની સાથે બળજબરી કરતો હતો.

આ બાળકો પાસે સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા કામ કરાવવામાં આવતુ. માત્ર એક કલાકનો જ જમવાનો વિરામ આપવામાં આવતો. બાળકોને શારીરિક, માનસિક અને આર્થિક શોષણ સહન કરવું પડતું હતું.

# પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓમાં ખાનગી વાહનોના વ્યાપારી ઉપયોગના મુદ્દે રેપિડો-ઓલા-ઉબેર સામે હાઈકોર્ટ સખ્ત

## ઓટોરિક્ષા ચાલક એસોસિએશન દ્વારા દાખલ કરાયેલી અરજી પર કોર્ટે રાજ્ય સરકાર પાસે એક સપ્તાહની અંદર સ્પષ્ટ જવાબ માગ્યો

અમદાવાદ,

રાજ્યમાં રેપિડો, ઓલા, ઉબેર સહિતની એપ આધારિત પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓમાં ખાનગી વાહનોના વ્યાપારી ઉપયોગના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરાઈ હતી. ઓટોરિક્ષા ચાલક એસોસિએશન દ્વારા દાખલ કરાયેલી અરજી પર કોર્ટે રાજ્ય સરકાર પાસે એક સપ્તાહની અંદર સ્પષ્ટ જવાબ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારને સવાલ કર્યો હતો કે ડોમેસ્ટિક અથવા ખાનગી નોંધણી ધરાવતા વાહનોનો કોમર્શિયલ ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે અને તેની સામે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે. કોર્ટે નોંધ્યું હતું કે જો ખાનગી વાહનોનો વ્યાપારી ઉપયોગ થઈ રહ્યો હોય તો તે માત્ર કાયદાના ભંગ સમાન નથી, પરંતુ રાજ્ય સરકારને આવકના રૂપમાં થતું આર્થિક નુકસાન પણ છે.

અરજદાર પક્ષે દલીલ કરી હતી કે ઓલા, ઉબેર અને રેપિડો જેવી કંપનીઓ મારફતે અનેક ખાનગી વાહનો વ્યાપારી હેતુ માટે દોડાવવામાં આવી રહ્યા છે, પરંતુ સંબંધિત વિભાગો દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે નિયમોનું પાલન કરતા ઓટોરિક્ષા અને કોમર્શિયલ વાહનચાલકોને સીધી અસર પહોંચી રહી છે.

વકીલે વધુમાં દલીલ કરી હતી કે જો કોઈ વ્યક્તિ પોતાના વાહનનો વ્યાપારી ઉપયોગ કરવા માંગે તો સૌપ્રથમ તેને ખાનગી વાહનને કોમર્શિયલ કેટેગરીમાં રૂપાંતરિત કરવું જોઈએ અને ત્યારબાદ જ આવી સેવાઓ આપવા મંજૂરી હોવી જોઈએ. નિયમોના ઉલ્લંઘનથી સરકારને આવકનું નુકસાન થાય છે અને કાયદેસર પરમિટ ધરાવતા વાહનચાલકો સાથે અન્યાય થાય છે.

હાઈકોર્ટે રાજ્ય સરકારને આ મુદ્દે તાત્કાલિક પગલાં લેવા અંગે ટકોર પણ કરી હતી અને ખાનગી વાહનોના વ્યાપારી ઉપયોગ સામે રાજ્યનું વલણ શું છે તે અંગે વિગતવાર જવાબ માંગ્યો છે.

આ સમગ્ર મામલે હવે આગામી સુનાવણી ૨૩ જૂનના રોજ હાથ ધરાશે. રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવનાર જવાબ બાદ હાઈકોર્ટ આ મુદ્દે વધુ મહત્વપૂર્ણ દિશાનિર્દેશ આપી શકે છે.

# સુરક્ષિત સ્થળાંતર અને બાળ મજૂરી નાબૂદી માનવીય કર્તવ્ય, જેને આપણે સૌ સાથે મળીને નિભાવીએ : કુંવરજી બાવળીયા

## વિશ્વ બાળમજૂરી વિરોધ દિન નિમિત્તે સ્પીપા, ગાંધીનગરમાં બે દિવસીય આંતર-રાજ્ય ચર્ચાનો પ્રારંભ

ગાંધીનગર,

શ્રમ નીતિ માત્ર વહીવટી સ્તર સુધી સીમિત ન રહેતાં, દરેક શ્રમિક પરિવાર અને તેના બાળક સુધી પહોંચવી જોઈએ. "સુરક્ષિત સ્થળાંતર અને બાળ મજૂરી નાબૂદી" એ સામાજિક, આર્થિક અને માનવીય કર્તવ્ય છે, જેને આપણે સૌએ સાથે મળીને નિભાવવાનું છે, તેમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સ્પીપા, ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય વર્કશૉપના શુભારંભ પ્રસંગે જણાવ્યું હતું.

તા. ૧૨ જૂન-વિશ્વ બાળમજૂરી વિરોધ દિનના અનુસંધાને બાળમજૂરી નિવારણ, બાળ અધિકારોના સંરક્ષણ અને બાળકોના સર્વાંગી વિકાસ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર કેન્દ્રિત બે દિવસીય આંતર-રાજ્ય ચર્ચાનું આયોજન શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની વિશેષ ઉપસ્થિતિમાં આજે સ્પીપા, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

ભારતની અવિરત વિકાસ યાત્રામાં પ્રવાસી શ્રમિકોના અભૂતપૂર્વ યોગદાનની સરાહના કરતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, દેશના ઉદ્યોગો, બાંધકામ ક્ષેત્ર, સેવા ક્ષેત્ર અને કૃષિ ક્ષેત્રનો વિકાસ પ્રવાસી શ્રમિકોની મહેનત પર આધારિત છે, જેઓ રાષ્ટ્ર નિર્માણના સાચા આધારસ્તંભ છે. ગુજરાત જેવા પ્રગતિશીલ અને ઔદ્યોગિક રાજ્યમાં પણ વિવિધ રાજ્યોમાંથી લાખો શ્રમિકો રોજગારી માટે આવે છે અને રાજ્યની આર્થિક પ્રગતિમાં સહભાગી બને છે.

આ સ્થળાંતર સાથે અનેક પડકારો પણ જોડાયેલા છે. જ્યારે કોઈ શ્રમિક પરિવાર એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે, ત્યારે તેમના બાળકોનું શિક્ષણ ખોરવાય છે, આરોગ્ય સેવાઓ પ્રભાવિત થાય છે અને ઘણીવાર તેઓ સામાજિક સુરક્ષા તેમજ બાળ સંરક્ષણથી વંચિત રહી જાય છે. આવી પરિસ્થિતિઓ બાળ મજૂરી, બાળ તસ્કરી અને શોષણ જેવી ગંભીર સમસ્યાઓને જન્મ આપે છે. આ ગંભીર સમસ્યાઓના નિવારણ માટે કેન્દ્ર-રાજ્ય સરકાર એ અનેક બહુઆયામી અને સક્રિય પ્રયાસો કરી રહી છે. જેમાં રાજ્યમાં બાળ અને કિશોર શ્રમ નાબૂદી માટે જિલ્લા સ્તરે કાર્યરત ટાસ્ક ફોર્સને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ સરકારી વિભાગો વચ્ચે પરસ્પર સંકલન વધારીને બાળકોના બચાવ, પુનર્વસન અને પુન:સ્થાપનની પ્રક્રિયાને અત્યંત પ્રભાવી બનાવવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# વિકાસના વિવિધ આયામોને નજીકથી નિહાળતી પ્રથમ પ્રગતિપથ યાત્રાનું અમરેલી જિલ્લામાં સમાપન

## જિલ્લા પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી યાત્રામાં જિલ્લાના વિકાસ કાર્યોનું અવલોકન કરવામાં આવ્યું: પ્રગતિપથ યાત્રામાં ઊર્જા અને કાયદો વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, ધારસભ્યસર્વે જોડાયા





અમરેલી:રાજ્ય સરકારના સેવા, સુશાસન અને જનકલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'વિકસિત ભારતના સંકલ્પ સાથે જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી' અંતર્ગત અમરેલી જિલ્લામાં યોજાયેલી પ્રગતિપથ યાત્રાનું જિલ્લા પ્રભારીમંત્રીશ્રી અને રાજ્યના કૃષિ, સહકાર અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને સમાપન થયું હતું. યાત્રા દરમિયાન જિલ્લાના વિવિધ વિકાસકાર્યો અને જનહિતના પ્રકલ્પોની મુલાકાત લઈ તેમની પ્રગતિનું અવલોકન કરવામાં આવ્યું હતું.

આ પ્રગતિપથ યાત્રામાં ઊર્જા અને કાયદો વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દક્ષાબહેન ચોડવડિયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, લાઠી-બાબરા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જે.વી. કાકડિયા સહિત જિલ્લાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

યાત્રા દરમિયાન અમરેલીની વિરાટ શેડ ધરાવતી એ.પી.એમ.સી.ની મુલાકાત લેવામાં આવી હતી. ઉપરાંત આશરે ૨૫ હેક્ટર વિસ્તારમાં વિકસાવવામાં આવેલા સાવરકુંડલાના અમૃત સરોવરની મુલાકાત લઈ ત્યાં હાથ ધરાયેલા વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા ખાતે જિલ્લા પ્રભારીમંત્રીશ્રીનું સ્વાગત અને સત્કાર સમારંભ પણ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પ્રભારીમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ સાવરકુંડલા શહેરને આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે હાથ ધરાયેલા પ્રયાસોની પ્રશંસા કરતાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, અમૃત સરોવર જેવા પ્રકલ્પો માત્ર જળસંચય માટે જ નહીં, પરંતુ પ્રવાસન, પર્યાવરણ સંરક્ષણ અને સ્થાનિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સાવરકુંડલાનું અમૃત સરોવર પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે, જ્યારે બીજા તબક્કામાં રૂ. ૯ કરોડના ખર્ચે તેના વધુ વિકાસના કાર્યો પ્રગતિ હેઠળ છે.

પ્રગતિપથ યાત્રાના પ્રારંભ પૂર્વે અમરેલી ખાતે રાજ્ય સરકારની વિવિધ વિકાસલક્ષી સિદ્ધિઓને ઉજાગર કરતું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જિલ્લા પ્રભારીમંત્રીશ્રીએ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી વિવિધ વિભાગો દ્વારા રજૂ કરાયેલી વિકાસગાથાનું નિરીક્ષણ કર્યું હતું. પ્રદર્શનમાં અમરેલી જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિ, માર્ગ અને મકાન સુવિધાઓ, ગ્રામ અને શહેરી વિસ્તારોમાં થયેલું વીજળીકરણ, નંદઘર પ્રકલ્પો, સિંચાઈ અને જળસંપત્તિ ક્ષેત્રે થયેલા વિકાસ સહિતની સિદ્ધિઓને તસવીરો અને માહિતીના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી.

જિલ્લામાં વિકાસના વિવિધ આયામોને નજીકથી સમજવા અને જનકલ્યાણલક્ષી યોજનાઓના પરિણામોનું અવલોકન કરવા માટે યોજાયેલી આ પ્રગતિપથ યાત્રાએ વિકાસના કાર્યોને જનમાનસ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું જણાવ્યું હતું.

# ઉના પંથકમાં ગાયનું મારણ કરી ૪ સાવજની મિજબાની

## ગામની વચોવચ શિકારની જયાફત ઉડાડી, સિંહોની ગર્જનાથી ગામ ગૂંજ્યું



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

ગીર જંગલની નજીક આવેલા ઉના પંથકમાં વન્યજીવોનો વસવાટ હવે ગ્રામ્ય વિસ્તારો તરફ વધી રહ્યો છે. જંગલમાં પૂરતો ખોરાક ન મળવાને કારણે સિંહોએ હવે માનવ વસાહત તરફ પ્રયાણ કર્યું હોય તેમ લાગી રહ્યું છે.

ગત રાત્રે આશરે ૧:૩૦ વાગ્યાની આસપાસ પશવાળા ગામમાં શિકારની શોધમાં એકસાથે ૪ સિંહ આવી પહોંચ્યા હતા. ગામની શેરીઓમાં આંટા માર્યા બાદ, સિંહોની નજરે એક રેઢિયાળ ગાય ચડી હતી. સિંહોએ ગાયનો શિકાર કર્યો હતો અને ત્યારબાદ ગામની અધવચ્ચે જ મારણ પર બેસીને રાજવી અદાથી ગર્જનાઓ કરી કલાકો સુધી મિજબાની માણી હતી. ગામમાં સિંહો આવ્યા હોવાની જાણ થતાં જ ગ્રામજનો પોતાના ઘર આંગણે આવેલા સિંહ પરિવારને જોવા માટે એકઠા થઈ ગયા હતા. લોકોએ આ અદભુત દ્રશ્યો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો. થોડા સમય પહેલાં સિંહોમાં ફેલાયેલા 'બેબેસિયા' નામના રોગમાંથી બહાર આવ્યા બાદ, હવે સિંહ પરિવાર ધીમે-ધીમે ગ્રામ્ય વિસ્તારોમાં પોતાનું સામ્રાજ્ય ફરી જમાવી રહ્યો છે. વન વિભાગ દ્વારા પણ માનવ અને સિંહ વચ્ચેનો સંઘર્ષ ટાળવા માટે રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે તે જરૂરી છે, જેથી સ્થાનિક લોકો અને વન્યજીવો બંનેની સલામતી જળવાઈ રહે.

# અમરેલી આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદની ડો. જી. જે. ગજેરાની અધ્યક્ષતામાં બેઠક મળી



અમરેલી:અમરેલી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય મહિલા પરિષદ ઓજોસવની રાષ્ટ્રીય છાત્ર પરીષદ રાષ્ટ્રીય મજદૂર પરીષદ ની બેઠક જેસીગપરા મા યોજાય આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો જી જે ગજેરા ની અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠક માં આગામી દિવસોમાં તા.૨૪ જુન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના સ્થાપના દિવસ નીમીત્તે તા ૨૧ જુન થી તા.૦૫/૦૭/૨૬ જુલાઈ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું એ અંગેની માહિતી થી સર્વ ને અવગત કરતા સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ તેમજ રાષ્ટ્રીય છાત્ર પરીષદ મહામંત્રી મજબૂતભાઈ બસીયા એ હનુમાન ચાલીસા કેન્દ્ર અમરેલી જિલ્લા મા ૨૦૦ નવા કેન્દ્ર ખોલવા અનુરોધ કર્યો સંગઠન ના વિસ્તાર માટે પ્રયાસ જરૂરી છે તેમ ડો દેસાણી એ આહવાન કર્યું સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ઇન્ડિયન હેલ્થ લાઇ સુરેશભાઈ સોલંકી રાષ્ટ્રીય મજદૂર પરીષદ પ્રમુખ દડુભાઈ ખાચર એડવોકેટ ફોરમ પ્રમુખ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા પ્રમુખ જીલુભાઈ વાળા મહામંત્રી મહેશભાઈ સોલંકી રાષ્ટ્રીય બજરંગદળ પ્રમુખ ડી ભાઈ બામટા કાર્યકારી પ્રમુખ જીગ્નેશભાઈ કયાડા હિતેશભાઈ જોષી ઉપ પ્રમુખ મહામંત્રી ઉદયસિંહ રાજપૂત રાષ્ટ્રીય મહિલા પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન ભટ્ટ અમરેલી જિલ્લા ઓજસ્વની ના અધ્યક્ષા ઉષાબેન તેમજ અમરેલી એસ ટી યુનિયન પ્રમુખ નિલેશભાઈ સોલંકી મહામંત્રી જીતુભાઈ ભટ્ટ અમરેલી શહેર ના પદાધિકારીઓ સંજયભાઈ પોપટ મહેતાભાઈ દિનેશભાઈ ભરવાડ વિપુલભાઈ ગજેરા પ્રદિપભાઈ ઠાકર અમરેલી તાલુકાના પ્રમુખ આ બેઠકમાં અમરેલી જિલ્લા વેપારી મંડળ ના હોદેદારો નુ સન્માનિત કરવામાં આવ્યું હતું

# જિલ્લા પ્રભારી અને રાજ્યના કૃષિમંત્રીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું

## સમાજના નિરામય ભાવિ માટે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવો : મંત્રી જીતુભાઈ વાઘાણી

અમરેલી:રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સ્તરે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અનુસંધાને અમરેલી જિલ્લા પ્રભારી અને રાજ્યના કૃષિ, સહકાર અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ચલાળા ખાતે પ્રગતિ પથ યાત્રા અંતર્ગત ધારાસભ્યશ્રી જે.વી. કાકડિયાના ખેતરે આયોજિત રાત્રિ બેઠકમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે અર્થપૂર્ણ સંવાદ કરી ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું હતું.

મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, માનવ જીવનને નિરોગી અને સ્વસ્થ રાખવા માટે ખોરાકની ગુણવત્તા અત્યંત મહત્વની છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધતા ઉપયોગને કારણે જમીન, પાણી અને માનવ આરોગ્ય પર વિપરીત અસર થઈ રહી છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ માત્ર ખેતીની પદ્ધતિ નહીં પરંતુ સ્વસ્થ સમાજ અને સુરક્ષિત ભાવિ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.



તેમણે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત પાક આરોગ્યપ્રદ હોવા ઉપરાંત બજારમાં તેની માંગ પણ સતત વધી રહી છે. યોગ્ય આયોજન અને વૈજ્ઞાનિક અભિગમ સાથે પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો ઉત્પાદન સારું મળે છે અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના ઊંચા ભાવ પણ પ્રાપ્ત થાય છે. તેથી ખેડૂતો વધુમાં વધુ સંખ્યામાં પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધે તે સમયની માંગ છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિને જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે પ્રતિબદ્ધ છે. ખેડૂતોને તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન મળી રહે તે માટે વિવિધ કાર્યક્રમો અને અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે, ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે અને પર્યાવરણનું સંરક્ષણ પણ શક્ય બને છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી જે.વી. કાકડિયાના ધર્મપત્ની અને આશરે ૬૦ વીઘાથી વધુ જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરતા શ્રી કોકિલાબહેન કાકડિયાએ પ્રાકૃતિક કૃષિના પોતાના અનુભવો ખેડૂતો સાથે વહેંચ્યા હતા અને પ્રાકૃતિક ખેતીથી મળતા લાભોની માહિતી આપી હતી. બેઠક દરમિયાન ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના જવાબો આપી પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દક્ષાબહેન ચોડવડિયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, લાઠી-બાબરા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, પદાધિકારીશ્રીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ :

અમરેલી : સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિના બિપીનચંદ્ર હરીકૃષ્ણભાઈ પંડયા (ઉ.વ. ૬૬, નિવૃત ASI) તે ગૌતમભાઈ, પ્રિતીબેન વિપુલકુમાર થાનકી (ભાણવડ), આરતીબેન કૃણાલકુમાર ત્રિવેદી (ઉપલેટા)નાં પિતાશ્રી સ્વ. સુરેશભાઈના નાના ભાઈ સાગરભાઈનાં કાકા, સ્વ. નવલભાઈ સ્વ. ચંદુભાઈ, સ્વ. પ્રવિણભાઈનાં ભત્રીજા તા.૧૩ને શનિવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેમનું બેસણું તા.૧૮ને ગુરૂવારના રોજ રામેશ્વર મંદિર, બ્રાહ્મણ સોસાયટી, લાઠી રોડ અમરેલી ખાતે સાંજે ૫ થી ૭ રાખેલ છે.

# ગીરગઢડાના સમરસ પાંડેરી ગામે લોકોનો હલ્લાબોલ

## પ્રાથમિક શાળાના આચાર્યની બદલી કરાવવા મોરચો,પ્રવેશોત્સવના બહિષ્કાર અને સામુહિક LC કઢાવવા ચીમકી

(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

ગીર ગઢડા તાલુકાના પાંડેરી ગામની પ્રાથમિક શાળાના તમામ ૮૨ વિદ્યાર્થીઓએ અભ્યાસનો બહિષ્કાર કર્યો છે. શાળાના આચાર્યની કથિત મનમાની, નબળી કામગીરી અને કથળતા શિક્ષણ સ્તરને કારણે વાલીઓમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. ત્યારે ગામલોકોએ આચાર્યની બદલી કરાવવા માટે મોરચો માંડ્યો છે.

ઉલ્લેખનીય છે કે, આશરે ૧૨૦૦ની વસતી ધરાવતા પાંડેરી ગામમાં અત્યાર સુધી ક્યારેય ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ નથી અને હંમેશાં સમરસતા રહી છે, પરંતુ શાળાના પ્રશ્ને ગામમાં ભારે ઉત્તેજના વ્યાપી છે. મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬માં આ શાળામાં ૧૦૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.

જોકે, આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસ પ્રત્યે દાખવવામાં આવતી ઉદાસીનતાને કારણે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને માત્ર ૮૨ થઈ ગઈ છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આચાર્ય નિયમિત અને યોગ્ય રીતે ભણાવતા નથી, તેમજ નિયમ મુજબ સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની બેઠક પણ બોલાવતા નથી. વાલીઓએ આચાર્યની



તાત્કાલિક બદલી કરવાની ઉગ્ર માંગ કરી છે. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી આચાર્યની બદલી કરવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ પોતાના બાળકોને શાળાએ મોકલશે નહીં અને આગામી શાળા પ્રવેશોત્સવનો પણ સંપૂર્ણ બહિષ્કાર કરશે. વધુમાં વાલીઓએ જણાવ્યું છે કે, જો આ બાબતે તેમના પર કોઈ રાજકીય કે વહીવટી દબાણ લાવવાનો પ્રયાસ થશે, તો તેઓ સામૂહિક રીતે બાળકોના લિવિંગ સર્ટિફિકેટ કઢાવી લેશે. આ વિરોધના પગલે સમસ્ત ગ્રામજનો શાળાની બહાર એકઠા થયા હતા અને શિક્ષણ કાર્યના બહિષ્કારને સમર્થન આપ્યું હતું. વાલીઓના આટલા ઉગ્ર વિરોધ છતાં શિક્ષણ વિભાગના કોઈ ઉચ્ચ અધિકારીએ હજુ સુધી સ્થળ પર પહોંચવાની તસદી લીધી નથી. બીજી તરફ, આચાર્યએ પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે તેઓ પોતાની ફરજ યોગ્ય રીતે બજાવે છે અને વાલીઓના વિરોધને કારણે વિદ્યાર્થીઓ શાળાએ આવ્યા નથી. જોકે, મીડિયાના તીખા સવાલો સામે આચાર્ય કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે 'જે વિદ્યાર્થીઓ શાળામાં ભણતા જ નથી તેમના વાલીઓ SMC સમિતિમાં કેવી રીતે હોઈ શકે?', ત્યારે આચાર્ય આ સવાલનો જવાબ આપવાનું ટાળ્યું હતું અને માત્ર એટલું જ કહ્યું હતું કે તેઓ પોતાની બદલી કરાવીને અહીંથી ચાલ્યા જશે.

# ઊનાના તપોવન આશ્રમમાં હનુમાનજીને ચાંદીના આભૂષણ અર્પણ કરવામાં આવ્યા



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

ઊના તાલુકાના ચાચકવડ ગામ ની સીમ માં મછુંદ્રી નદી કાંઠે આવેલ તપોવન આશ્રમ માં પૌરાણિક હનુમાજી નું મંદિર આવેલ છે. હજારો લોકો નું આસ્થા નું કેન્દ્ર છે. આ મંદિર માં ગત તા. ૧૬/૧૧/૨૫ ના રાત્રી ના સમયે કોઈ અજાણ્યા તસ્કરો એ મંદિર ના ગર્ભ ગૃહ ના દરવાજા ના તાળા તોડી હનુમાનજી ને ચડાવેલ ચાંદી ના આભૂષણો, ચાંદી ની મઢેલ ફ્રેમ,દાન પેટી માં રહેલ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮લાખ ૭૮હજાર ૬૦૦/ની કિંમત નો મુદામાલ ચોરી કરી તસ્કરો સી. સી. ટી. વી. નું ડી. વી. આર. પણ લેતા ગયા હતા. જે ચોરી નો ભેદ આજસુધી પોલીસે ઉકેલયો નથી. હનુમાન ભક્તો દ્વારા આર્થિક સહયોગ કરી ફરી હનુમાનજી ને આભૂષણો અર્પણ કરવા કાર્યક્રમ યોજાયો હતો જેમાં હનુમાનજી ને ચાંદી ના કાન કુંડળ, મુગટ, ગદા, ત્રણ માળા ચાંદી માં મઢેલ સ્ફટિક, રુદ્રાક્ષ, તુલસીની માળા બનાવી હનુમાનજી ને અર્પણ કરી હતી. અને તપોવન આશ્રમ ના મેનેજીંગ ટ્રસ્ટી અને પૂજારી નટુભાઈ દેવમુરારી એ તમામ આભૂષણો ની પૂજા વિધિ કરી મંદિર ના શિખર એ ધજા ચડાવી હનુમાનજી ને આભૂષણ નો શણગાર કર્યો હતો. આરતી, સમૂહ હનુમાન ચાલીસા કરી પધારેલ તમામ હજારો હનુમાન ભક્તો ને કેરી મહોત્સવ ઉજવી કેરી ભજીયા નો મહા પ્રસાદ યોજાયો હતો. મોટી સંખ્યામાં લોકોએ ભોજન લીધું હતું.

# આઝાદીના આટલા વર્ષો પછી પણ અમરેલીને બ્રોડગેજ મળી નથી

## 'સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને ચિતલ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપ આપવા વ્યાપક માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી શહેર વર્ષોથી બ્રોડગેજ રેલવે મેળવવા માટે આંદોલન ચલાવી રહ્યું છે. પરંતુ અમરેલી શહેરને આઝાદીના આટલા વર્ષો પછી પણ બ્રોડગેજ રેલવે મળી નથી. રાજકીય નેતાઓ તો કહેતા આવ્યા છે કે, અમરેલીથી ૧૭ કી.મી. દૂર ચિતલ બ્રોડગેજ આવી તે અમરેલી બ્રોડગેજ રેલવે આવી ગણાય. ત્યારે હવે 'સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેન આ ચિતલ ગામમાંથી પસાર થવાની છે. તે ટ્રેઈનને ચિતલ રેલવે સ્ટેશનને સ્ટોપ મળે તેવું કરવી આપવા માટે અમરેલી મિશન બ્રોડગેજ દ્વારા અમરેલીના સાંસદ ભરત સુતરીયા સમક્ષ માંગ કરવામાં આવી છે.

આ અંગે અમરેલી મિશન બ્રોડગેજના પ્રમુખ રાજેશ ગાંધીએ અમરેલીના સાંસદને લખેલ પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં મીડિયાના અહેવાલો (image.png ના રેફરન્સ મુજબ) દ્વારા જાણવા મળ્યું છે કે, પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે 'સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનનો રૂટ બદલવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવા રૂટ અંતર્ગત આ પ્રતિષ્ઠિત ટ્રેન હવે સાબરમતિથી ધોળકા, બોટાદ, ઢસા અને જૂનાગઢ થઈને ચાલનાર છે. રેલવે પ્રશાસનનો આ નિર્ણય ભાવનગર, બોટાદ, તથા અમરેલી જિલ્લાના આંતરિક વિસ્તારો માટે ખૂબ જ આવકારદાયક છે.

આ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેન નવા રૂટના અમલીકરણની સાથે જ અમરેલી જિલ્લા અને ખાસ કરીને અમરેલી શહેરની જનતા માટે વર્ષો જૂની રેલવે સુવિધાની ખોટ પુરાવવાની એક




સુવર્ણ તક ઊભી થઈ છે. આ સંદર્ભે 'અમરેલી મિશન બ્રોડગેજ' સંસ્થા વતી સમગ્ર વિસ્તારના નાગરિકોના વ્યાપક હિતમાં એક અત્યંત મહત્વની રજૂઆત કરી છે.

અમરેલી જિલ્લો એક મોટું વડું મથક હોવા છતાં, મુખ્ય બ્રોડગેજ રેલવે લાઈનથી વંચિત રહ્યો છે. ચિત્તલ રેલવે સ્ટેશન અમરેલી શહેરથી માત્ર ૧૭ કિલોમીટર જેટલા ટૂંકા અંતરે આવેલું છે. અને ચિતલ રેલવે સ્ટેશન સડક માર્ગે ખૂબ જ ઉત્તમ રીતે જોડાયેલું છે. જો ચિત્તલ સ્ટેશને આ વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ આપવામાં આવે, તો અમરેલી શહેર અને આસપાસની જનતા ખૂબ જ સરળતાથી અને ટૂંકા સમયમાં ચિત્તલ પહોંચીને ટ્રેન સેવાનો લાભ લઈ શકશે. આ સ્ટોપ વાસ્તવમાં અમરેલી શહેર માટેનું જ મુખ્ય સ્ટોપ સાબિત થશે.

અમરેલીથી રોજ હજારોની સંખ્યામાં વેપારીઓ, રત્નકલાકારો, વિદ્યાર્થીઓ અને દર્દીઓ વ્યવસાય, શિક્ષણ અને આરોગ્યની સેવાઓ માટે અમદાવાદ તરફ પ્રયાણ કરે છે. ત્યારે ચિત્તલ ખાતે સ્ટોપ મળવાથી અમરેલી જિલ્લાની જનતાને પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ, જુનાગઢ અને અમદાવાદ (સાબરમતી) સુધીની આધુનિક, ઝડપી અને સુરક્ષિત ટ્રેન સુવિધા પ્રાપ્ત થશે. ઉપરાંત અમદાવાદ પહોંચ્યા બાદ અમરેલી સહિતના મોટા ભાગના જિલ્લના નાગરિકોને અમદાવાદથી બરોડા, સુરત, મુંબઈ, દિલ્હી, હરિદ્વાર, જેવા દેશના પ્રમુખ ધાર્મિક અને વ્યાપારી કેન્દ્રો તરફ જવા માટેની કનેક્ટિવિટી પણ ખૂબ જ સરળતાથી મળી રહેશે, જે અત્યાર સુધી ખૂબ મુશ્કેલ હતી.

આ ચિતલ રેલવે સ્ટેશનને સ્ટોપેજ મંજૂર થવાથી માત્ર ચિત્તલ તથા અમરેલી જ નહી, પણ સમગ્ર અમરેલી જિલ્લાના અર્થતંત્ર, વેપાર અને રોજગારને મોટો વેગ મળશે. મધ્યમવર્ગીય પરિવારો, સિનિયર સિટીઝનો અને મુસાફરોને લાંબી બસ મુસાફરીના થાક અને ખર્ચમાંથી મોટી રાહત મળશે.

પત્રના અંતમાં અમરેલી શહેર તથા સમગ્ર જિલ્લાની જનતાના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને, આ વંદે ભારત ટ્રેનના સત્તાવાર સમયપત્રકમાં 'ચિત્તલ' સ્ટેશનનો સ્ટોપ તરીકે સમાવેશ કરવામાં આવે તે માટે સાંસદ તરીકેના સ્તરેથી રેલવે બોર્ડ અને માનનીય રેલવે મંત્રીને ખાસ રૂબરૂ અથવા પત્ર દ્વારા ભલામણ પત્ર પાઠવી ઘટતી મંજૂરી અપાવવા નમ્ર વિનંતી કરેલ છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
# પાણીને લગતા કોઇપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં. ૧૯૧૬ નો સંપર્ક કરશો. #

ટેન્ડર નોટીસ નં. ૦૧/૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, તારકેશ્વર મહાદેવ મંદિરની પાછળ, જી.એન.દામાણી હાઇસ્કુલની સામે, ધારી - ૩૬૫૬૪૦, ફોન નં (૦૨૭૯૭) ૨૨૧૧૨૯ દ્વારા ધારી જૂથ મરામત અને નિભાવણી કાર્યક્રમ તળે ખોડિયાર ડેમ ઈન્ટેક વેલ ખાતે આવેલ પંપ હાઉસ સલામત રીતે ડીમોલીશન કરવાના કામ માટે રૂા. ૧,૮૪,૩૧૪.૯૨ નાં કામ માટે ઇ-૨ અને તેની ઉપરની શ્રેણીના ઇજારદારો પાસેથી ઓફ લાઇન ટેન્ડર પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તા. ૨૦/૦૬/૨૦૨૬ થી તા. ૨૫/૦૬/૨૦૨૬ ૧૬. ૦૦ કલાક સુધી આ કામના કોરા ટેન્ડરની કોપી ધારી ખાતેની કચેરીએથી મળી શકશે. તેમજ તા.૦૨/૦૭/૨૦૨૬ નાં રોજ ૧૮.૦૦ કલાક સુધી ભરેલ ટેન્ડરો આર.પી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી કચેરીના સરનામે કચેરી સમય દરમ્યાન પહોંચતા કરવાના રહેશે. કોઇ એક અથવા બધા ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.


[જાહેરાત | અમરે | ૯૭૬ | ૨૬]

સૌરાષ્ટ્ર આસપાસ

## યુદ્ધવિરામથી ભારતને રાહત

ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ માત્ર બે દેશો સુધી મર્યાદિત નથી રહેતો. પશ્ચિમ એશિયા વિશ્વની ઊર્જા વ્યવસ્થાનું કેન્દ્ર છે અને ત્યાં થતી કોઈપણ અસ્થિરતા સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા, વેપાર અને સુરક્ષાને અસર કરે છે. તેથી જો ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ અથવા તણાવમાં ઘટાડો થાય, તો ભારત માટે તે અનેક રીતે લાભદાયી સાબિત થઈ શકે છે. વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં સામેલ ભારત માટે પશ્ચિમ એશિયામાં શાંતિ એ માત્ર કૂટનીતિક સફળતા નથી, પરંતુ આર્થિક અને વ્યૂહાત્મક સ્થિરતાનો આધાર પણ છે.ભારત પોતાની ઊર્જાની જરૂરિયાતોનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂર્ણ કરે છે. ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસનો મોટો જથ્થો પશ્ચિમ એશિયાના દેશોમાંથી આવે છે. જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધે છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં ઉછાળો જોવા મળે છે. તેનાથી ભારતનો આયાત ખર્ચ વધી જાય છે અને મોંઘવારી પર દબાણ ઊભું થાય છે. યુદ્ધવિરામના કારણે તેલના ભાવ સ્થિર રહેવાની શક્યતા વધે છે, જે ભારત માટે મોટો આર્થિક લાભ છે. સસ્તું તેલ એટલે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, પરિવહન ખર્ચમાં રાહત અને સામાન્ય નાગરિક માટે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવમાં સ્થિરતા.હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી વેપાર માર્ગોમાંની એક છે. વિશ્વના મોટા પ્રમાણમાં તેલના જહાજો આ માર્ગથી પસાર થાય છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવ દરમિયાન આ માર્ગની સુરક્ષા અંગે ચિંતાઓ ઊભી થાય છે. જો સંઘર્ષ વધે તો જહાજરાની ખર્ચ વધી શકે છે અને માલસામાનના પરિવહનમાં વિલંબ થઈ શકે છે. યુદ્ધવિરામથી સમુદ્રી વેપાર વધુ સુરક્ષિત અને સરળ બને છે. ભારત જે વિશ્વવ્યાપી વેપાર સાથે જોડાયેલું છે, તેને તેનો સીધો લાભ મળે છે.ભારતના લાખો નાગરિકો પશ્ચિમ એશિયાના વિવિધ દેશોમાં રોજગાર મેળવે છે. ખાસ કરીને ખાડી દેશોમાં કામ કરતા ભારતીયો દર વર્ષે અબજો ડોલરની રકમ ભારતમાં મોકલે છે. જો વિસ્તારમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય તો ભારતીય કામદારોની સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે અને રોજગારની તકો પણ ઘટી શકે છે. શાંતિપૂર્ણ વાતાવરણથી ભારતીય પ્ર???ીઓ માટે સ્થિરતા જળવાઈ રહે છે અને તેમના દ્વારા ભારતમાં મોકલાતી વિદેશી મુદ્રા પણ સુરક્ષિત રહે છે.ભારતની વિદેશ નીતિ લાંબા સમયથી સંતુલન અને સંવાદ પર આધારિત રહી છે. ભારત અમેરિકા સાથે પણ મજબૂત સંબંધો ધરાવે છે અને ઈરાન સાથે પણ ઐતિહાસિક તથા વ્યૂહાત્મક સંબંધો જાળવી રાખે છે. બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થવાથી ભારતને કોઈ એક પક્ષ તરફ ઝુકાવાનું દબાણ ઓછું રહે છે. આ પરિસ્થિતિ ભારતને પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ વધુ અસરકારક રીતે અમલમાં મૂકવાની તક આપે છે.ચાબહાર બંદર ભારત માટે વિશેષ મહત્વ ધરાવે છે. ઈરાનમાં આવેલો આ બંદર ભારતને મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સાથે જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. અમેરિકન પ્રતિબંધો અને પ્રાદેશિક તણાવના કારણે આ પ્રોજેક્ટની ગતિ ઘણી વખત પ્રભાવિત થઈ છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચે સંબંધોમાં સુધારો થાય તો ચાબહાર સહિતના અનેક વિકાસ પ્રોજેક્ટોને નવી ગતિ મળી શકે છે. આથી ભારતના વેપાર અને વ્યૂહાત્મક હિતોને મજબૂતી મળશે.વિશ્વની અર્થવ્યવસ્થા આજે પરસ્પર જોડાયેલી છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ ઊભી થાય તો આંતરરાષ્ટ્રીય શેરબજારોમાં અનિશ્ચિતતા વધે છે. રોકાણકારો જોખમથી દૂર રહેવા લાગે છે અને વિકાસશીલ દેશોમાં રોકાણ ઘટી શકે છે.

## મેઘધનુષી આકાશમાં ગુલાબી વૈભવ



ક્લિક કોર્નર

- અમૂલ પરમાર

નીલા અંબરના વિશાળ કેનવાસ પર શ્વેત વાદળોની ઘેરાયેલી ઘટાઓ જાણે કુદરતના કોઈ અદ્ભુત કાવ્યની પૃષ્ઠભૂમિ રચી રહી છે. આ આકાશી વૈભવની નીચે, લીલાછમ પર્ણોની ઓથમાં ખીલેલા મસ્ત ગુલાબી પુષ્પોના ઝુમખાં ધરતીના નિર્દોષ હાસ્યની જેમ મલકી રહ્યા છે. પવનની લહેરાતી લેરખીઓ સાથે ઝૂમતી આ ડાળીઓ અને વાદળોની સંતાકૂકડી વચ્ચે કુદરતનું એક અનોખું મિલન રચાય છે. ગગનની આ અસીમ શાંતિ અને ગુલાબી ફૂલોની આ મોહક સુંદરતા આખા વાતાવરણને કોઈ દિવ્ય અને અલૌકિક આનંદથી ભરી દે છે.

# વર્ષા ઋતુ : મોસમ અને મનનો સંબંધ

જેઠ મહિનાની કાળઝાળ ગરમીએ. કિરણના સ્વભાવને એટલો બધો ચીડિયો બનાવી દીધો કે એને કોઈની સાથે વાતો કરવાનું મન થતું નહોતું, પરંતુ મોસમમાં અચાનક એવો પલટો આવ્યો કે બધું જ બદલાઈ ગયાની અનુભૂતિ થવા લાગી. એક તરફી વાદળોએ સૂરજના તાપને સંતાડી દીધો, બીજી બાજુ વરસાદની બુંદોએ મહિનાઓથી તરસતી ધરતીને શીતળતા પ્રદાન કરી.-

વરસાદની બુંદો કિરણનો તનમનને સ્પર્શી તો જાણે તૈના બેજાન શરીરમાં જીવ આવ્યો અને સ્વભાવનું ચીડિયાપણું પણ દૂર થઈ ગયું. રાત્રે. ઓફિસેથી કિરણનાપતિ સુનીલે ઘરે આવ્યા તો દરવાજા પાસે એને સજી-ધજીને રાહ જોતી ઊભેલી જોઈ. તેઓ રૂમમાં દાખલ થયા, તો બધુ જ રોમેન્ટિક અંદાજમાં સજાવટ કરીને ગોઠવેલું જોયું. ફ્રેશ થઈને ડિનર માટે બેઠા તો જોયું કે રોમેન્ટિક કેન્ડલ લાઈટ ડિનરનું આયોજન ક્યું હતું અને કિરણની આંખોમાં રોમાન્સ અને પ્રેમ સ્પષ્ટ વર્તાતો હતો. ભોજન પીરસાયું તો ડિશમાં તેમને બધી પોતાની મનપસંદ વાનગીઓ જોવા મળી.



સુનીલને સમજતાં વાર ન લાગી કે આ બધું વરસાદની બુંદોની અસર છે. એણે પણ ખિસ્સામાંથી સુંદર ફૂલોનો ગજરો કાઢયો અને કિરણનાં લાંબા, ઘેરા અને કાળા ખુલ્લા વાળમાં ખૂબ પ્રેમથી લગાવી દીધો. હકીકતમાં સુનીલ ઓફિસેથી નીકળ્યો ત્યારે જ વરસાદ શરૂ થઈ ગયો હતો, તો ઝરમર વરસાદે તેને પણ રોમેન્ટિક બનાવી દીધો, ત્યારે જ કિરણ માટે એણે ગજરો ખરીદી લીધો હતો.

જ્યારે ઝરમર જલધારા વરસી

કેન્ડલ લાઈટ ડિનરને હજી બંને જણા એન્જોય કરી જ રહ્યા હતા કે વાદળોએ એકવાર ફરીથી ઝરમર વરસવાનું શરૂ કરી દીધું. કિરણ તો જાણે આ ક્ષણની જ રાહ જોતી હતી. એણે હળવેથી સુનીલનું કાંડું પકડયું અને આંખોમાં આંખ પરોવીને સુનીલને બગીચા સુધી લઈ ગઈ.

વરસાદની ઝરમર જલધારા, હાથોમાં એમનો હાથ અને 'રિમઝિમ સે તરાને લે કે આઈ બરસાત...', 'યે રાત ભીગીભીગી યે મસ્ત ફિઝાએ...', 'એક લડકી ભીગી-ભાગી સી...', 'આજ રપટ જાએ તો હમેં ન...', 'રિમઝિમ ગીરે સાવન ઉલઝલિઝ જાએ મન...', જેવા રોમેન્ટિક ગીતોનો સાથ મળી જવાથી ભલા કોણ એવો પ્રેમી હશે, જે પોતાને નાચવાથી રોકી શકે. બંને મનભરીને નાચ્યા.

કંઈક આવી જ તક એક પ્રેમી યુગલને પણ મળી. લાંબા સમય પછી આ વખતે બંનેને એકાંતમાં મળવાની તક મળી હતી. એમના ગ્રેજ્યુએશનના અભ્યાસ દરમિયાન કોઈએ પણ ક્યારેય એમને અલગ નહોતા જોયા. બંનેએ ત્યારે જ નક્કી કરી લીધું હતું કે, નોકરી મળતાં જ તેઓ લગ્ન કરી લેશે, પરંતુ એક કોમ્પિટિશન ક્લિયર કર્યા પછી ટ્રેનિંગ માટે જ્યારે બંનેને છૂટા પડવું પડયું તો તેમના મિત્રો એમનું રડવાનું જોઈને બહાર નીકળી ગયા હતા.

કરંટ ટોપિક

હવે જ્યારે ૨ વર્ષ પછી બંને મળ્યા છે, તો બસ એકબીજાને જોઈ જ રહ્યા છે. સચિન પણ કંઈ બોલતો નથી અને સ્મિતાનો પણ અવાજ નીકળતો નથી. બંનેને સમજાતું જ નહોતું કે શું પૂછે, કેવી રીતે પૂછે. ત્યાં જ બહાર વીજળીનો કડાકો સંભળાયો અને પળભરમાં જ વરસાદ વરસવા લાગ્યો. બહાર ધરતી ભીંજાતી હોય ત્યારે અંદર મન પણ ભીંજાય છે, એટલે જ તો સ્મિતાના જકડાઈ ગયેલા હોઠ બોલી ઊઠયા, આજે પણ નથી સુધર્યો, બરાબર એવો જ છે. બધો સામાન વેરવિખેર રાખ્યો છે. ખસ, હું સરખો કરી દઉં છું.''

સચિન પણ ક્યાં ચુપ રહેવા માગતો હતો. વરસાદના છાંટાઓએ એને પણ ભીંજવી નાખ્યો. મનથી પણ અને તનથી પણ. એને એ દ્રશ્ય યાદ આવવા લાગ્યું જ્યારે બંને પહેલીવાર વરસાદમાં મદમસ્ત થઈને બરાબર ભીંજાયા હતા અને હાથમાં હાથ પકડીને એકબીજા પર વારી ગયા હતાં.

આજે ફરીથી એ જ અંદાજમાં ભીંજાવા માટે આતુર થઈ રહ્યા હતા બંને. એવામાં સચિને ભૂખ લાગી હોવાનું બહાનું બનાવીને સ્મિતાને બહાર જવા માટે પૂછયું. ભલા, સ્મિતા ક્યાં ના પાડવાની જ હતી. એ પણ એ યાદોનો એક ભાગ હતી. બહાર નીકળતાંની સાથે જ થોડી જ વારમાં બંને પૂરેપૂરા ભીંજાઈ ચૂક્યા હતા, પરંતુ જમવાની વાત બીજીવાર કોઈએ કરી નહી.

હકીકતમાં ભૂખનું તો માત્ર બહાનું જ હતું. હકીકતમાં તો બંનેને એકબીજાની નજીક આવવું હતું. થયું પણ એવું જ. વરસાદના છાંટાઓમાં બંનેના જૂના પ્રેમના અંકુર ફરીથી ફૂટી નીકળ્યા. હવે તો એકબીજાની આગોશમાં સમાઈ જવાની તીવ્ર ઈચ્છા થઈ ગઈ હતી. સતત વધતા જતા વરસાદમાં દૂરદૂર સુધી કોઈ દેખાતું નહોતું, તો બંને એકબીજાને લપેટાઈ ગયા.

જગાડે તનમનમાં પ્રેમ

સાચે જ, વરસાદી મોસમ છે જ એવી. કમબખ્ત પ્રેમની જેમ મન પર પણ છવાઈ જાય તો તન પણ કાબૂમાં રહેતું નથી અને હઠીલું બની જાય છે. એટલે જ તો કવિઓની કવિતાઓ અને ગીતકારોનાં ગીતોમાં વર્ષાતુ અને ઝરમરતા છાંટાઓના અલગ-અલગ ભાવ, અંદાજ અને રીતની રજૂઆત કરવામાં આવતી રહી છે.

# વિદેશી AI મોડેલો પર આંધળો ભરોસો કરવો ખતરનાક

અમેરિકાએ એન્થ્રોપિક કંપનીના બે સૌથી શક્તિશાળી AI મોડેલો — ફેબલ ૫ અને માયથોસ ૫ — પર વૈશ્વિક પ્રતિબંધ મૂકી દીધો છે. આ નિર્ણયે સમગ્ર ટેકનોલોજી જગતને હચમચાવી નાખ્યું છે. આ બે મોડેલો જટિલ ડેટા વિશ્લેષણ, કોડિંગ, સંશોધન અને એન્ટરપ્રાઈઝ ઓટોમેશન જેવા કામો માટે વિશ્વભરમાં વપરાતા હતા. તેમના અચાનક બંધ થવાથી સૌથી વધુ અસર ભારત પર પડી છે, કારણ કે અહીં હજારો ડેવલપર્સ, સેંકડો સ્ટાર્ટઅપ્સ અને મોટી IT કંપનીઓ આ મોડેલો પર નિર્ભર હતી. હવે સવાલ એ છે કે ભારત આ સંકટનો સામનો કેવી રીતે કરશે અને શું આપણે આને તકમાં ફેરવી શકીશું?

### AI યુદ્ધમાં અમેરિકાનો મોટો પ્રહાર: ફેબલ-માયથોસ પર વૈશ્વિક પ્રતિબંધ, ભારતની AI સ્વનિર્ભરતા હવે અનિવાર્ય બની ચુકી છે ભારતે આ ક્ષેત્રમાં હવે ઝડપી પગલાં લેવા જરૂરી બની ગયા છે જોકે ભારતે માઈક્રો ચિપ ના ઉત્પાદનમાં મહારત હાંસલ કરી છે

ભારતીય AI ઈકોસિસ્ટમ પર સૌથી મોટો ઝટકો લાગ્યો છે.ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા AI બજારોમાંનું એક છે. અહીંના ટેક સ્ટાર્ટઅપ્સ, ફ્રીલાન્સ ડેવલપર્સ અને મોટી સોફ્ટવેર કંપનીઓ વિદેશી AI મોડેલોનો વ્યાપક ઉપયોગ કરે છે. ફેબલ ૫ અને માયથોસ ૫ ખાસ કરીને એવા મોડેલો હતા જે ખૂબ જ જટિલ અને ચોક્કસ કામો માટે જાણીતા હતા. ઘણી ભારતીય કંપનીઓએ પોતાના આખા AI ટૂલ્સ અને સેવાઓ આ મોડેલોના પાયા પર બનાવી હતી. હવે આ પાયો અચાનક ખેંચી લેવાથી તેઓ મોટી મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.

સૌથી વધારે તકલીફ નાના સ્ટાર્ટઅપ્સને થઈ છે. મોટી કંપનીઓ પાસે સંસાધનો છે - તેઓ બીજા AI મોડેલમાં શિફ્ટ થઈ શકે છે. પરંતુ નાના સ્ટાર્ટઅપ્સ માટે આ આર્થિક અને તકનીકી બંને રીતે મોટો બોજો છે. તેમને નવું મોડેલ શોધવું, તેને સમજવું, પોતાની સિસ્ટમ તેમાં ઢાળવી અને તેના માટે કર્મચારીઓને તાલીમ આપવી - આ બધા માટે સમય અને પૈસા બંને જોઈએ. ઘણા સ્ટાર્ટઅપ્સ આ ખર્ચ ઉઠાવી નહીં શકે અને તેમને પોતાની સેવાઓ બંધ કરવી પડી શકે છે.ભારતીય સંશોધકો અને યુનિવર્સિટીઓ પણ આનાથી પ્રભાવિત થઈ છે. ઘણા સંશોધન પ્રોજેક્ટ્સ જે આ મોડેલોની ક્ષમતાઓ પર ચાલતા હતા, તે હવે અટકી ગયા છે. PhD સ્કોલર્સ અને સંશોધનાર્થીઓએ નવેસરથી શરૂઆત કરવી પડશે, જેનાથી તેમના કામમાં મહિનાઓનો વિલંબ થશે.

દરેક સંકટમાં તક છુપાયેલી હોય છે. આ પ્રતિબંધે ભારતને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે - વિદેશી AI મોડેલો પર આંધળો ભરોસો કરવો ખતરનાક છે. અમેરિકા કોઈ પણ સમયે કોઈ પણ મોડેલ પર પ્રતિબંધ લગાવી શકે છે. તેથી ભારત માટે હવે સૌથી મોટી જરૂરિયાત છે - પોતાના સ્વદેશી AI મોડેલો વિકસાવવાની.

ભારતમાં પહેલેથી જ કેટલીક સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ પોતાના મોટા ભાષા મોડેલ્સ (LLMs) પર કામ કરી રહ્યા છે. આ પ્રતિબંધ તેમને વધુ સંસાધનો અને સરકારી સમર્થન મેળવવામાં મદદ કરી શકે છે. સરકારે પહેલેથી AI મિશન હેઠળ મોટા રોકાણો કર્યા છે, પરંતુ હવે આ કામને વધુ ઝડપ આપવી પડશે.જો ભારત સફળતાપૂર્વક પોતાના AI મોડેલો બનાવી લે, તો તે માત્ર વિદેશી નિર્ભરતા ઘટાડશે નહીં, પરંતુ AI ટેકનોલોજીનો નિકાસકાર પણ બની શકે છે. ભારતીય છૈં મોડેલો ભારતીય ભાષાઓમાં, ભારતીય

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

સંદર્ભમાં અને ભારતીય જરૂરિયાતો મુજબ બનશે, જે આપણા દેશના સામાન્ય નાગરિક માટે વધુ ઉપયોગી સાબિત થશે.આ એક માત્ર ભારતનો પ્રશ્ન નથી. સમગ્ર વિશ્વમાં AI ઉદ્યોગ હવે હિલોળા પર છે. આ ઘટના પછી, કોઈ પણ કંપની એવું માનીને નહીં ચાલી શકે કે આજે જે AI મોડેલ વાપરી રહી છે, તે કાલે પણ ઉપલબ્ધ રહેશે. વિશ્વભરની કંપનીઓ હવે 'મલ્ટી-મોડલ સ્ટ્રેટેજી' અપનાવશે — એટલે કે, તેઓ એકસાથે બે કે તેથી વધુ AI મોડેલો પર પોતાની સિસ્ટમ ચલાવશે, જેથી એક બંધ થાય તો બીજો કામ કરતો રહે.યુરોપ, જાપાન, દક્ષિણ કોરિયા અને અન્ય દેશો પણ હવે પોતાના AI મોડેલો વિકસાવવા માટે વધુ પ્રોત્સાહિત થશે. AI હવે માત્ર અમેરિકાની એકાધિકાર નહીં રહે. આપણે એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં દરેક મોટો દેશ પોતાનું AI બનાવવાનો પ્રયત્ન કરશે - જેમ અત્યાર સુધી દરેક દેશ પોતાની ઉપગ્રહ પ્રણાલી બનાવતો હતો, તેમ હવે AI પ્રણાલી બનાવશે.ભારત સરકારે આને રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો માનીને તાત્કાલિક પગલાં લેવા જોઈએ. પહેલું કામ છે — AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવું. મોટા AI મોડેલોને તાલીમ આપવા માટે ખૂબ શક્તિશાળી કમ્પ્યુટર્સ, ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ (GPUs) અને ડેટા સેન્ટર્સ જોઈએ. ભારતે આ ક્ષમતા વધારવી પડશે.બીજું કામ છે — ડેટા સેટ તૈયાર કરવો. AI મોડેલને તાલીમ આપવા માટે મોટા પ્રમાણમાં સ્વચ્છ અને વિવિધ પ્રકારનો ડેટા જોઈએ. ભારતીય ભાષાઓ, ભારતીય સંદર્ભ અને ભારતીય કાયદાઓને ધ્યાનમાં રાખીને આવો ડેટા તૈયાર કરવો પડશે. આ માટે સરકારે ખાનગી કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી પડશે.ત્રીજું અને સૌથી મહત્વનું કામ છે - નિષ્ણાતોની ટીમ બનાવવી. ટોચના AI સંશોધકોની માંગ વિશ્વભરમાં છે. ભારતે પોતાના પ્રતિભાશાળી યુવાનોને દેશમાં રોકવા અને વિદેશથી ભારતીય મૂળના AI નિષ્ણાતોને પાછા લાવવા માટે આકર્ષક યોજનાઓ બનાવવી પડશે.જો તમે કોઈ AI ચેટબોટ, AI રાઈટિંગ ટૂલ, AI ઈમેજ જનરેટર અથવા AI આધારિત મોબાઈલ એપનો ઉપયોગ કરો છો, તો તેના પર અસર પડવાની સંભાવના છે. ટૂંકા ગાળામાં, કેટલીક સેવાઓ બંધ થઈ શકે છે, કેટલીકની કિંમત વધી શકે છે, અને કેટલીકની ગુણવત્તા ઘટી શકે છે કારણ કે કંપનીઓ બીજા મોડેલ પર શિફ્ટ થઈ રહી હશે.પરંતુ લાંબા ગાળે, જો ભારત પોતાના AI મોડેલો બનાવવામાં સફળ થશે, તો ફાયદો થશે. ભારતીય AI મોડેલો ગુજરાતી, મરાઠી, બંગાળી, તમિળ, તેલુગુ, અને અન્ય ભારતીય ભાષાઓમાં કામ કરી શકશે. તે ભારતીય સંસ્કૃતિ, રિવાજો અને જરૂરિયાતોને વધુ સારી રીતે સમજી શકશે. અને સૌથી મહત્વનું - તે વધુ સસ્તું હશે, કારણ કે વિદેશી લાયસન્સ ફી નહીં ચૂકવવી પડે.

ફેબલ ૫ અને માયથોસ ૫ પરનો પ્રતિબંધ એ AI દુનિયાનો 'સ્પુટનિક મોમેન્ટ' છે. જેમ ૧૯૫૭માં રશિયાના સ્પુટનિક ઉપગ્રહે અમેરિકાને જગાડ્યો હતો




અને અવકાશ સંશોધનમાં અબજો ડોલરનું રોકાણ કરવા મજબૂર કર્યું હતું, તેમ આ ઘટનાએ ભારતને જગાડી છે. હવે ભારતને બે જ રસ્તા છે — કાં તો AIમાં પાછળ રહી જાઓ, અથવા પોતાના પગ પર ઊભા થઈ જાઓ. ભારતે બીજો વિકલ્પ પસંદ કરવો જ પડશે, કારણ કે છૈંની દુનિયામાં, મોડું થાય તે પહેલાં હવે પગલાં લેવાનો સમય છે. આ સંકટને તકમાં બદલવાની જવાબદારી હવે સરકાર, ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને દરેક ભારતીય ડેવલપરની છે. ભારતની AI સ્વનિર્ભરતા હવે માત્ર એક વિકલ્પ નથી, તે અનિવાર્યતા છે.

# ફિફા વર્લ્ડ કપમાં મોટો અપસેટ : કેપ વર્ડેએ યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ગોલ રહિત ડ્રો પર રોક્યું





નવીદિલ્હી,
ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ નો પાંચમો દિવસ મુખ્ય ટીમો માટે પડકારોથી ભરેલો હતો. પોતાનો પહેલો વર્લ્ડ કપ રમી રહેલા કેપ વર્ડેએ યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ગોલ રહિત ડ્રો પર રોકીને સનસનાટી મચાવી દીધી. બીજી તરફ, ઈજિપ્તે બેલ્જિયમ જેવી મજબૂત ટીમને ૧-૧ થી ડ્રો કરીને કઠિન મુકાબલો કર્યો. ગ્રુપ એચમાં રહેલા ઉરુગ્વે પણ સાઉદી અરેબિયા સામે જીત મેળવવામાં નિષ્ફળ ગયા, અને મેચ ૧-૧ થી સમાપ્ત થઈ.

લગભગ ૫૦૦,૦૦૦ ની વસ્તી ધરાવતા નાના ટાપુ રાષ્ટ્ર, કેપ વર્ડેએ તેની પ્રથમ વર્લ્ડ કપ મેચમાં એવી રીતે પ્રદર્શન કર્યું જે બહુ ઓછા લોકોએ અપેક્ષા રાખી હતી. ટીમે ટાઈટલના દાવેદાર સ્પેનને ૦-૦ થી ડ્રો પર રોકી દીધું. આ ઐતિહાસિક પરિણામનો સૌથી મોટો હીરો ૪૦ વર્ષીય ગોલકીપર વોજિન્હા હતો, જેણે સમગ્ર મેચ દરમિયાન શાનદાર બચાવ કર્યો, સ્પેનના સ્ટાર ખેલાડીઓને ગોલ કરવાની તકથી વંચિત રાખ્યા. ફેરન ટોરેસ સ્પેન માટે સૌથી નજીક આવ્યો, પરંતુ તેનો શોટ ક્રોસબારમાં વાગ્યો. વોજિન્હાએ પાછળથી ઘણા ઉત્તમ બચાવ પણ કર્યા.રસપ્રદ વાત એ છે કે, મેચની અંતિમ ક્ષણોમાં કેપ વર્ડે પાસે જીતવાની તક હતી, પરંતુ સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોને દિની બોર્જેસનો હેડર બચાવ્યો. યુવા સ્ટાર લેમિન યમાલ હોવા છતાં, સ્પેન જીતનો રસ્તો શોધી શક્યું નહીં.

ગ્રુપ જીમાં, ઈજિપ્તે બેલ્જિયમને ૧-૧ થી ડ્રો કરીને સખત લડાઈ આપી. ઈમામ અશૌરે ૧૯મી મિનિટે મોહમ્મદ સલાહના શાનદાર પાસને કારણે ઈજિપ્તને લીડ અપાવી. આ તેના આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પહેલો ગોલ હતો. ઈજિપ્તે લાંબા સમય સુધી આ લીડ જાળવી રાખી અને સ્ટાર-સ્ટડેડ બેલ્જિયમ ટીમને મુશ્કેલીમાં મૂકી. જોકે, ૬૬મી મિનિટે નસીબ ટકરાયું. ડિફેન્ડર મોહમ્મદ હાનીએ થોમસ મ્યુનિયરના ખતરનાક ક્રોસને પોતાના જ નેટમાં ડિફ્લેક્ટ કર્યો, જેનાથી બેલ્જિયમ બરાબરી કરી શક્યું.ગ્રુપ એચની બીજી મેચમાં, સાઉદી અરેબિયા અને ઉરુગ્વે વચ્ચે પણ રોમાંચક મુકાબલો જોવા મળ્યો. અબ્દુલ્લાહ અલ અમ્રીના ગોલને કારણે સાઉદી અરેબિયાએ પહેલા હાફમાં લીડ મેળવી. ઉરુગ્વેના અનુભવી ગોલકીપર ફર્નાન્ડો મુસલેરાએ આ મેચમાં ઈતિહાસ રચ્યો. ૩૯ વર્ષ અને ૩૬૪ દિવસની ઉંમરે, તે વર્લ્ડ કપમાં ઉરુગ્વેનું પ્રતિનિધિત્વ કરનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો.

# રોહિત શર્મા બીજી વનડે મેચ રમતાની સાથે જ એક રેકોર્ડ બનાવશે

નવીદિલ્હી,
ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા ૧૭ જૂને ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની બીજી વનડેમાં મેદાનમાં ઉતરતાની સાથે જ પોતાના શાનદાર ક્રિકેટ કારકિર્દીમાં વધુ એક મોટો રેકોર્ડ બનાવશે. આ અનુભવી બેટ્સમેન રાહુલ દ્રવિડને પાછળ છોડીને ભારત માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનારા ખેલાડીઓની યાદીમાં ચોથા સ્થાને પહોંચી જશે. હાલમાં, રોહિત શર્મા અને રાહુલ દ્રવિડ સંયુક્ત રીતે ચોથા ક્રમે છે. આ મેચ પછી, દ્રવિડ પાંચમા સ્થાને સરકી જશે, અને રોહિત તેને પાછળ છોડી દેશે. રોહિતે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે અને હાલમાં તે ફક્ત વનડે ક્રિકેટમાં સક્રિય છે.

રોહિત શર્માએ જૂન ૨૦૦૭ માં આયર્લેન્ડ સામે પોતાનો પહેલો વનડે રમ્યો હતો. તે મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપ હેઠળ ૨૦૦૭ ટી ૨૦ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો પણ ભાગ હતો. જોકે, ૨૦૧૧ વનડે વર્લ્ડ કપ માટે તેનો ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. ત્યારબાદ ધોનીએ તેને ૨૦૧૩ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઓપનર તરીકે તક આપી, અને ત્યાંથી તેની કારકિર્દી ઉગી નીકળવાની શરૂઆત થઈ. રોહિતે ૨૦૧૯ માં ભારતીય ટેસ્ટ ટીમમાં પણ પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું.

રોહિત શર્માએ ભારત માટે અત્યાર સુધીમાં ૨૮૩ વનડે, ૬૭ ટેસ્ટ અને ૧૫૯ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. તેણે ટેસ્ટ ક્રિકેટમાં ૪,૩૦૧ રન બનાવ્યા છે, જ્યારે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના ૪,૨૩૧ રન છે. તેમની કેપ્ટનશીપ હેઠળ ભારતે ૨૦૨૪ માં આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી.

રાહુલ દ્રવિડે ભારત માટે ૧૬૪ ટેસ્ટ, ૩૪૪ વનડે અને એક ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. તેમણે ૨૦૧૨ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. હાલમાં, રોહિત અને દ્રવિડ બંનેએ ૫૦૯ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.સચિન તેંડુલકર ભારત માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર ખેલાડી છે. તેમણે પોતાની કારકિર્દીમાં કુલ ૬૬૪ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.

# સુપર ઓવરમાં હાર બાદ વૈભવ સૂર્યવંશી અને શ્રીલંકાના ખેલાડી વિશેન હલંબગે વચ્ચે ઝઘડો

## શ્રીલંકાના ખેલાડી વિશેન હલંબગેએ ટિપ્પણી કરતા વૈભવ સૂર્યવંશી ગિન્નાયો






દામ્બુલા,
યુવા ભારતીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી આ દિવસોમાં ફક્ત તેની બેટિંગ માટે જ નહીં પરંતુ મેદાન પરના વિવાદ માટે પણ હેડલાઈન્સમાં છે. શ્રીલંકા છ સામે સુપર ઓવરમાં હાર બાદ દામ્બુલાના મેદાન પર જે બન્યું તેનાથી ક્રિકેટ જગત ચોંકી ગયું. હવે, આ વિવાદ પાછળનું સાચું કારણ બહાર આવ્યું છે.

રંગીરી દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી રોમાંચક સુપર ઓવરમાં ભારત એ ટીમે ત્રિકોણીય શ્રેણીની મેચ હારી ગઈ. મેચ પછી, જ્યારે બંને ટીમોના ખેલાડીઓ મેદાન પર હતા, ત્યારે વૈભવ સૂર્યવંશી અને શ્રીલંકા છ ના ખેલાડી વિશેન હલંબગે વચ્ચે ઉગ્ર દલીલ થઈ. પરિસ્થિતિ ઝડપથી શારીરિક ઝઘડામાં ફેરવાઈ ગઈ, અને અન્ય ખેલાડીઓએ દરમિયાનગીરી કરવી પડી.

ક્રિકબઝના અહેવાલો અનુસાર, શ્રીલંકાના ખેલાડી વિશેન હલંબગેની ટિપ્પણીથી ઝઘડો શરૂ થયો. મેચ જીત્યા પછી, તેણે વૈભવ સૂર્યવંશી તરફ જોયું અને કહ્યું, "મેચ પૂરી થઈ ગઈ છે, હવે ઘરે જાઓ." આ ટોણો સાંભળીને, વૈભવે જવાબ આપ્યો, અને બંને ખેલાડીઓ વચ્ચે દલીલ વધી ગઈ. થોડીવારમાં, પરિસ્થિતિ એટલી ગરમ થઈ ગઈ કે તેઓ એકબીજાની ખૂબ નજીક આવી ગયા અને ઝપાઝપી થઈ. પરિસ્થિતિ વણસી રહી જોઈને, શ્રીલંકા છ અને ભારત છ ના અન્ય ખેલાડીઓએ પરિસ્થિતિને શાંત કરવા માટે દરમિયાનગીરી કરી. જો કે, આ ઘટનાએ મેચનો રોમાંચક અંત બગાડ્યો.

# પીસીબીએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ સિસ્ટમમાં કર્યો ફેરફાર હવે પાકિસ્તાની ખેલાડીઓને તેમના ફોર્મેટના આધારે પગાર મળશે



ઈસ્લામાબાદ,
પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ તેની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ સિસ્ટમમાં એક મોટો અને નવો ફેરફાર કર્યો છે. પાકિસ્તાની ખેલાડીઓને હવે તેમના ગ્રેડ, જેમ કે એ,સી,બી અથવા ડીના આધારે કોન્ટ્રાક્ટ મળશે નહીં. તેના બદલે, તેમના ફોર્મેટ (ટેસ્ટ,વનડે, અથવા ટી ૨૦) નિષ્ણાતના આધારે કોન્ટ્રાક્ટ આપવામાં આવશે.પીસીબીના નવા નિયમોમાં આ નવી શ્રેણીને 'ફોર્મેટ ટ્રેક્સ' નામ આપવામાં આવ્યું છે.પીસીબીના ચેરમેન મોહસીન નકવી, કોચ આકિબ જાવેદ અને માઈક હેસનએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ નવી સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ સિસ્ટમની જાહેરાત કરી.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની આ નવી સિસ્ટમ ચાર અલગ અલગ ટ્રેકમાં વહેંચાયેલી છે. પહેલો ટ્રેક એ છે, જેમાં ફક્ત ટેસ્ટ ક્રિકેટમાં નિષ્ણાત ખેલાડીઓનો સમાવેશ થશે. ટ્રેક બી અને સી પછી વ્હાઈટ-બોલ ક્રિકેટમાં નિષ્ણાત ખેલાડીઓ માટે ટ્રેક આવે છે, એટલે કે વનડે અને ટી ૨૦ ફોર્મેટ. ટ્રેક વનડેમાં ફક્ત ટી ૨૦ અને વિશ્વભરની ફ્રેન્ચાઈઝી લીગમાં રમતા ખેલાડીઓનો સમાવેશ થશે. આ ટ્રેક સિસ્ટમમાં,પીસીબી ટેસ્ટ ખેલાડીઓને પ્રાથમિકતા આપશે, અને તેમને વિદેશી લીગમાં રમવાની ખૂબ જ મર્યાદિત તકો મળશે.

૧૫ જૂનના રોજ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં,પીસીબીના ચેરમેન મોહસીન નકવીએ જણાવ્યું હતું કે અગાઉ, ખેલાડીઓને આપવામાં આવતા કોન્ટ્રાક્ટની શ્રેણીઓ અંગે હંમેશા વિવાદ રહેતો હતો. ઘણીવાર, ખેલાડીઓ પોતે સોંપાયેલ શ્રેણીઓથી નાખુશ અને નિરાશ હતા. આ પૂર્વગ્રહને દૂર કરવા માટે,પીસીબીએ હવે એક નવી સિસ્ટમ સ્થાપિત કરી છે.

# જ્યારે અક્ષયે હેલિકોપ્ટરનો ઉપયોગ ટેક્સી તરીકે કર્યો; ફરાહ ખાને એથ્લીટની સંપત્તિ વિશે ખુલાસો કર્યો



મુંબઇ,
અક્ષય કુમાર ઉદ્યોગના ટોચના સ્ટાર્સમાંનો એક છે. તેમના અભિનય ઉપરાંત, તેઓ તેમની ફિટનેસ અને શિસ્ત માટે પણ જાણીતા છે. તાજેતરમાં, ફરાહ ખાને પણ આ માટે તેમની પ્રશંસા કરી. તેણીએ અક્ષય કુમારની સંપત્તિ વિશે એક રસપ્રદ ખુલાસો પણ કર્યો. તેણીએ કહ્યું કે 'તીસ માર ખાન' ફિલ્મના શૂટિંગ દરમિયાન ખિલાડી હેલિકોપ્ટર દ્વારા ઘરે મુસાફરી કરતા હતા. અક્ષય કુમાર આ સાથે સંમત હતા.ફરાહ ખાને તાજેતરમાં અક્ષય કુમાર, રાજપાલ યાદવ અને પ્રિયદર્શન સાથે નેટફ્લિક્સ માટે એક ચેટ શોનું આયોજન કર્યું હતું. ચેટ દરમિયાન, ફરાહે અક્ષય કુમાર વિશે કેટલીક રસપ્રદ વાતો શેર કરી. ચર્ચા દરમિયાન, ફરાહે ખુલાસો કર્યો કે 'તીસ માર ખાન'નું શૂટિંગ માલશેજમાં ચાલી રહ્યું હતું. તેણીએ કહ્યું, "અમે બધા ત્યાં રોકાતા હતા કારણ કે તે મુંબઈથી અઢી કલાક દૂર હતું. પરંતુ અક્ષય કુમાર દરરોજ ઘરે જતા હતા." આમ છતાં, તે હંમેશા સમયસર સેટ પર પહોંચતો.ફરાહ ખાને પછી અક્ષય કુમાર તરફ જોયું અને પૂછ્યું, "મને કહો, અક્ષય, કેવી રીતે?" અક્ષયે જવાબ આપ્યો, "હેલિકોપ્ટર દ્વારા." ફરાહે જવાબ આપ્યો, "આ પહેલી વાર છે જ્યારે મેં કોઈ અભિનેતાને હેલિકોપ્ટરને ટેક્સી તરીકે ઉપયોગ કરતા જોયો છે.

# સીએમ થલાપતિ વિજય અને સંગીતા વચ્ચે છૂટાછેડાની ચર્ચા : મામલો કોર્ટમાં પહોંચ્યો





ચેન્નાઇ,
તમિલનાડુના મુખ્યમંત્રી થલાપતિ વિજય અને તેમની પત્ની સંગીતા વચ્ચેના સંબંધોમાં ખટાશ હવે રહસ્ય નથી. એવી અફવાઓ છે કે બંને છૂટાછેડા લઈ રહ્યા છે, અને મામલો હવે કોર્ટમાં પહોંચી ગયો છે. આ કેસની સુનાવણી ૧૫ જૂને થઈ હતી, પરંતુ કોર્ટની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી છે. સોમવારે, ચેંગલપટ્ટુ પરિવાર કલ્યાણ કોર્ટે તમિલનાડુના મુખ્યમંત્રી અને ટીવીકે નેતા સી. જોસેફ વિજય અને તેમની પત્ની સંગીતા વિજય વચ્ચેના છૂટાછેડા કેસમાં આગામી સુનાવણી માટે ૭ ઓગસ્ટની તારીખ નક્કી કરી હતી.

તાજેતરના અઠવાડિયામાં, બંને વચ્ચે સમાધાન થવાની શક્યતાના અહેવાલો આવ્યા છે, અને કોર્ટની કાર્યવાહી વર્ચ્યુઅલ હશે કે વ્યક્તિગત રીતે, તે અંગે અટકળો ચાલી રહી હતી. માર્ચમાં, છૂટાછેડાની કાર્યવાહી વચ્ચે, થલાપતિ વિજયે સંગીતા દ્વારા દાખલ કરાયેલી કાનૂની અરજીનો સામનો કર્યો. ચેંગલપટ્ટુ જિલ્લા અદાલતમાં કરેલી અરજીમાં, સંગીતાએ છૂટાછેડાનો કેસ ઉકેલાય ત્યાં સુધી ચેન્નાઈના નીલંકરાયમાં તેમના પરિવારના ઘરમાં રહેવાની પરવાનગી માંગી હતી. આ અરજી ૨૨ ફેબ્રુઆરીએ સ્પેશિયલ મેરેજ એક્ટ, ૧૯૫૪ હેઠળ તેમની મુખ્ય છૂટાછેડા અરજીના ભાગ રૂપે દાખલ કરવામાં આવી હતી. લગ્ન રદ કરવાની માંગ કરવા ઉપરાંત, સંગીતા કાયમી ભરણપોષણ અને મામલો ઉકેલાય ત્યાં સુધી અથવા તેને યોગ્ય ઘર ન મળે ત્યાં સુધી નીલંકરાય ઘરમાં રહેવાનો અધિકાર પણ માંગી રહી છે.

સંગિતાએ પોતાની અરજીમાં જણાવ્યું હતું કે તેણી અને વિજયના લગ્ન ૨૬ વર્ષથી થયા છે, અને તેણીએ ઘર ચલાવવા અને તેમના બે બાળકો, જેસન સંજય, ૨૫, અને દિવ્યા સાશા, ૨૦, ને ઉછેરવામાં પોતાનો સમય ફાળવ્યો છે. તેણીએ દલીલ કરી હતી કે તેમના લગ્ન દરમિયાન, તેણી વિજયની જીવનશૈલી અનુસાર જીવતી હતી અને તેણી પાસે સમાન ધોરણનું બીજું કોઈ ઘર નથી. અરજીમાં વિજયની જાહેર પ્રોફાઈલનો પણ ઉલ્લેખ છે જે એક અગ્રણી તમિલ અભિનેતા અને રાજકીય પક્ષ "તમિલાગા વેત્રી કઝગમ" ના સ્થાપક તરીકે છે, જેને ભારતીય ચૂંટણી પંચ દ્વારા માન્યતા આપવામાં આવી છે.

સંગિતાના જણાવ્યા મુજબ, તેઓએ કોર્ટમાં જતા પહેલા આ મામલાને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે પ્રયાસો નિષ્ફળ ગયા. તેણીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે વિજયના વકીલે તેણીને કહ્યું હતું કે જો તેણી છૂટાછેડાનો કેસ ચલાવશે, તો તેણીને નીલંકરાયના ઘરમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં, જેના કારણે તેણીને પોતાનું ઘર ગુમાવવાની ચિંતા થઈ રહી છે. સંગીતા યુકેની નાગરિક છે અને બાયોમેડિકલ સાયન્સમાં ડિગ્રી ધરાવે છે. તેણીએ જણાવ્યું હતું કે હાલમાં તેની પાસે રહેવા માટે કોઈ યોગ્ય જગ્યા નથી. તેથી, તેણીએ છૂટાછેડા અંગે કોર્ટ અંતિમ નિર્ણય ન આપે ત્યાં સુધી નીલંકરાય મિલકતમાં તેની બધી જ સુવિધાઓ સાથે રહેવાની મંજૂરી આપવા માટે વચગાળાનો આદેશ માંગ્યો છે. આ ઘર વ્યક્તિગત કૌટુંબિક વિવાદ કરતાં વધુ મહત્વપૂર્ણ છે, કારણ કે તે વિજયની જાહેર અને રાજકીય ઓળખ સાથે ઊંડો જોડાયેલો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ણ | મા | અ: | શિ | પ્ર | અ: | ણે | ચા | પ્રા | મા | ણિ | ક |
| ગ | મ | ક | લ | સા | ગં | જ્ઞા | ભો | અં | ત | ભો | ર |
| લ | ડો | લ | ક | દ | મ | ર | ચી | ક | ભો | ણા | ગ |
| ઐ | પ્રા | શ | ક | ખ | લ | ભો | ઇ | ત | મા | ન | બૂ |
| ફ | ર | જ | બ | ખ | દ | બ | મા | રી | ઔ | બૂ | બિ |
| તુ | ગ | ણ | ક | દ | રા | વા | ર | મા | શ | ર | ળ |
| ફ | અ | ણ | બા | બ | ત | રો | મા | ર | કા | એ | ભ |
| ભ | મ | રો | ર | ભા | તી | ગ | ળ | ઊ | ણા | રી | પ્ર |
| હા | કા | મા | ફ | ન | કા | બા | દ | આ | દ | મા | શિ |
| ક | ણ | ગ | રી | દ | મ | દ | મ | કા | દ | લ | જી |
| લી | ન | ધ | ઊ | આ | દ | બા | ઔ | હિ | શિ | ર | બં |
| જી | શિ | બા | ચી | અ | કા | કી | રી | ક | મા | અ: | ક |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ફિલ્મ ગદરને ૨૫ વર્ષ પૂર્ણ : દિગ્દર્શક અનિલ શર્માનેગદરના ત્રીજા ભાગ માટે સ્ક્રિપ્ટની રાહ



મુંબઇ,
બ્લકબસ્ટર ફિલ્મ 'ગદર: એક પ્રેમ કથા' ની ટીમે સોમવારે એક ખાસ કાર્યક્રમ સાથે તેની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી કરી. અભિનેતા સની દેઓલ અને અમીષા પટેલ, દિગ્દર્શક અનિલ શર્મા સાથે, આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેઓએ કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ફ્રેન્ચાઈઝમાં ત્રીજો ભાગ આવશે, ત્યારે દિગ્દર્શકે કહ્યું કે તેઓ એક શાનદાર સ્ક્રિપ્ટની રાહ જોઈ રહ્યા છે. જે ક્ષણે તેમને એક મળશે, તે ફિલ્મ પર ગંભીરતાથી કામ શરૂ કરશે. તેમણે કહ્યું, "પહેલો ભાગ બોમ્બ હતો, બીજો ભાગ એટમ બોમ્બ હતો, અને ત્રીજો ભાગ એટમ બોમ્બ હશે. જે દિવસે મને એ પરમાણુ બોમ્બ મળશે, હું આ લોકોને તેને ધમાકેદાર રીતે રિલીઝ કરવા કહીશ."

"ગદર", જે બુટા સિંહની વાસ્તવિક જીવનની વાર્તાથી પ્રેરિત માનવામાં આવે છે, તે ૧૯૪૭ માં ભારતના ભાગલાની પૃષ્ઠભૂમિ પર સેટ છે. આ ફિલ્મ તારા સિંહની વાર્તા કહે છે, જે એક શીખ ટ્રક ડ્રાઈવર છે જે એક મુસ્લિમ મહિલા સાથે લગ્ન કરે છે, જેનું પાત્ર અમીષા પટેલ ભજવે છે. જોકે, જ્યારે મહિલાનો પરિવાર તેને પાકિસ્તાન પાછો લઈ જાય છે ત્યારે તેમનું સુખી જીવન ખોરવાઈ જાય છે. ઉત્તમ સિંહ દ્વારા રચિત ફિલ્મનું સંગીત પણ સંગીત પ્રેમીઓની યાદોમાં કોતરાયેલું છે.

ઝી ટેલિફિલ્મ્સની "ગદર" રિલીઝ થયા પછી ખૂબ જ મોટી વ્યાપારી સફળતા સાબિત થઈ.

# સંગીતકાર અને ગાયક પ્રીતમે બોલિવૂડ સંગીતથી વિરામ લેવાનો સંકેત આપ્યો



મુંબઇ,
આ વર્ષની શરૂઆતમાં, અરિજિત સિંહે પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કરતી એક પોસ્ટ શેર કરી, જેનાથી તેમના ચાહકો નિરાશ થયા. હવે, એવું લાગે છે કે સંગીતકાર અને ગાયક પ્રીતમ પણ આ જ માર્ગ પર ચાલવાનું વિચારી રહ્યા છે. પ્રીતમએ તેમના જન્મદિવસ પર એક પોસ્ટ શેર કરી, જેનાથી સોશિયલ મીડિયા વપરાશકર્તાઓમાં અટકળો શરૂ થઈ ગઈ છે કે પ્રીતમ પણ મુખ્ય પ્રવાહના સંગીતથી વિરામ લેવાનું વિચારી રહ્યા છે. પ્રીતમની પોસ્ટ પછી, ઘણા યુઝર્સ પૂછી રહ્યા છે કે શું તે, અરિજિત સિંહની જેમ, પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કરવાની તૈયારી કરી રહ્યો છે.

પ્રીતમએ તેના જન્મદિવસ પર એક બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો શેર કર્યો, જેમાં તે વિચારમાં ખોવાયેલો દેખાય છે. આ ફોટો સાથે, તેણે એક ભાવનાત્મક નોંધ પણ શેર કરી, જેમાં જણાવ્યું હતું કે તે હવે તેનું જીવન અલગ રીતે જીવવા માંગે છે. એક એવું જીવન જે તેને હંમેશા આકર્ષિત કરતું આવ્યું છે, પરંતુ કોઈક રીતે, તે જીવન પાછળ રહી ગયું છે. પરંતુ હવે તે તે બધી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે જેના પર તે ધ્યાન કેન્દ્રિત કરી શક્યો ન હતો.પ્રીતમએ પોતાની પોસ્ટમાં લખ્યું, "તમારી બધી શુભેચ્છાઓ માટે ખૂબ ખૂબ આભાર. હું દરેકને વ્યક્તિગત રીતે જવાબ આપી શકતો નથી, તેથી કૃપા કરીને મારો હૃદયપૂર્વકનો આભાર સ્વીકારો.

# રાજકોટમાં બ્રહ્માકુમારીઝ એક સાથે 'વોક ફોર પીસ એન્ડ યોગા' કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન

## શ્વેત વસ્ત્રધારી ભાઈ-બહેનોએ આપ્યો શાંતિ અને સ્વાસ્થ્યનો દિવ્ય સંદેશ






રાજકોટ તા.૧૬

આગામી 'વિશ્વ યોગ દિવસ'ના ઉપલક્ષમાં, બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોન દ્વારા આયોજિત 'વોક ફોર પીસ એન્ડ યોગા' (શાંતિ અને યોગા યાત્રા) તથા સામૂહિક યોગાભ્યાસનો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભર્યા અને દિવ્ય વાતાવરણમાં રવિવાર વહેલી સવારે સંપન્ન થયો હતો.

ગુજરાત ઝોન ડાયરેક્ટર ભારતી દીદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના બ્રહ્માકુમારીઝના ૫૦૦ સેવા કેન્દ્ર પર એકસાથે આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય જનમાનસમાં માનસિક શાંતિનો સંચાર કરવો અને શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

પવિત્રતાના પ્રતીક સમાન શ્વેત વસ્ત્રો ધારણ કરીને સંપૂર્ણ શિસ્ત, મર્યાદા અને શાંતિ સાથે એક જ લાઈનમાં આગળ વધતી આ યાત્રાએ માર્ગ પરથી પસાર થતા નગરજનોને મંત્રમુગ્ધ કર્યા હતા અને વાતાવરણમાં સકારાત્મક ઉર્જાનો ફેલાવો કર્યો હતો. પદયાત્રા દરમિયાન મુખ અને મોબાઈલનું મૌન રખાયું હતું.

પદયાત્રીઓએ ટ્રાફિક નિયમોનો અને સડક સુરક્ષાનો પૂરતો ખ્યાલ રાખ્યો હતો. કોઈ પણ પ્રકારે ટ્રાફિકના નિયમનું ઉલ્લંઘન ન થાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. આ શાંતિ યાત્રામાં સહભાગીઓ પોતાના હાથમાં અનેક પ્રકારના પ્રેરણાદાયી સ્લોગન અને પ્લેકાર્ડ્સ (બેનરો) લઈને ચાલતા જોવા મળ્યા હતા, જેમાં સમાજને જાગૃત કરતા સુંદર સંદેશાઓ લખેલા હતા.

આ સંદેશાઓ દ્વારા વ્યસનમુક્તિ, તણાવમુક્તિ અને સાચા સુખ તરફ આગળ વધવાની અપીલ કરવામાં આવી હતી. આ યાત્રા માત્ર ચાલવા પૂરતી સીમિત ન રહેતા, માર્ગમાં આવતા ખુલ્લા સ્થળો પર તમામ ભાઈઓ અને બહેનોએ એક સીધી હરોળમાં ઊભા રહીને સામૂહિક રીતે હળવી કસરતો, પ્રાણાયામ અને યોગાસનો કર્યા હતા. 'ઓમ' ના દિવ્ય ધ્વનિ અને આધ્યાત્મિક સંગીતના સથવારે સૌએ એકસાથે હાથ ઊંચા કરીને તેમજ વિવિધ મુદ્રાઓ દ્વારા યોગનું સુંદર પ્રદર્શન કર્યું હતું. માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને સાયકલ સવારો પણ આ સુંદર દ્રશ્ય નિહાળવા માટે ક્ષણભર રોકાઈ ગયા હતા.

# રાજકોટમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમના હોલમાં વૈદિક મહાસભાનો વેદ મહોત્સવ સંપન

## વેદ તરફ પાછા વળોઃ યુવા પેઢીને સાંસદ પુરુષોત્તમ રૂપાલાની હાકલ



રાજકોટ, રાજકોટના પ્રમુખસ્વામી ઓડિટોરિયમના વિશાળ હોલમાં ધર્મ પ્રેમી સજ્જનોની ભરચક હાજરીમાં વૈદિક મહાસભા નો વેદ મહોત્સવ અતિ ભવ્યતા સાથે સંપન થયો. આ પ્રસંગે સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી ત્યાગ વલ્લભ સ્વામીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ વેદ મહોત્સવમાં રાજકોટના સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલા પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ માકડીયા, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ વી.પી. વૈષ્ણવ જળક્રાંતિ ટ્રસ્ટના અધ્યક્ષ મનસુખભાઈ સુવાગિયા, ગુરુદ્વારાના પ્રબંધક હરિસિંહ સુચરીયા, ક્ધયા કેળવણીકાર શ્રી ગોવિંદભાઈ ખુંટ , મોરબીના શ્રી મહેશભાઈ ભોરણીયા, ટંકારા આર્ય સમાજના દેવજીભાઈ પડસુમિયા પોરબંદર આર્ય સમાજના પ્રમુખ શ્રી ધનજીભાઈ આર્ય, રાજકોટ આર્ય સમાજના પ્રમુખ શ્રી નટવરસિંહ પરમાર, દેશના અગ્રણી વિજ્ઞાની ડો. જે. જે. રાવલ વગેરે એ આ જ્ઞાન સભામાં હાજરી આપીને સતત ચાર કલાક સુધી બેસીને શ્રવણ કર્યુ હતું.

કાર્યક્રમના પ્રારંભમાં આપણા ૧૧ ઉપનિષદો પૈકી પ્રથમ ઉપનિષદ ઈશાવાસ્યમ ઉપનિષદના ગુજરાતી ભાષાંતરના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય બાદ આશીર્વચન પાઠવતા સ્વામી શ્રી ત્યાગવલ્લભ સ્વામી એ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને અનુરોધ કર્યો હતો કે માત્ર પ્રવચનો સાંભળીને ધન્ય નથી થવાનું પરંતુ એ જ્ઞાન આપણા આચરણમાં ઉતારવું જરૂરી છે.

વ્યવહારમાં વેદ આ વિષય ઉપર આપણા દૈનિક જીવનમાં વ્યવહારમાં વેદ કેવી રીતે સહાયરૂપ બને છે તેની સમજણ આપતા આજના વક્તા અધ્યેતા શ્રી સુરેશચંદ્રજી એ આપણે દિવસ દરમિયાન કઈ કઈ ક્રિયામાં શું શું અસત્ય આચરણ કરી બેસતા હોઈએ છીએ તે સમજાવ્યું હતું.

શ્રી સુરેશચંદ્ર આર્યના પ્રવચનને એક ધ્યાનથી સાંભળીને કેટલીક નોંધ કરતા રહેલા સાંસદ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ પોતાના પ્રતિભાવમાં હોલમાં મોટી સંખ્યામાં શાંતિથી પ્રવચન સાંભળી રહેલી ક્ધયા છાત્રાઓ અને યુવાનોને હાકલ કરી હતી કે "વેદ તરફ પાછા વળો'' એ સૂત્ર તાત્કાલિક અપનાવી લો અને તમારું જીવન સરળ સફળ અને સમાજ ઉપયોગી બનાવો. તેમણે વૈદિક મહાસભાને આ અભિયાન ઝડપથી આગળ વધે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# રાજકોટ મનપા દ્વારા ૧૬ સરકારી સેવા સાથેની જનકલ્યાણ શિબીર યોજાઈ




રાજકોટ,

મહાપાલિકા દ્વારા વેસ્ટ ઝોનમાં કવિ શ્રી અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલ ખાતે જનકલ્યાણ શિબીર યોજવામાં આવી હતી જેમાં આધાર કાર્ડ, લોન, હેલ્થ કાર્ડ, આવકના દાખલા સહિત ૧૬ સેવાઓ લોકોને સ્થળ પર આપવામાં આવી હતી. આવતીકાલ બુધવારના રોજ ઈસ્ટ ઝોનમાં શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ, સેટેલાઈટ ચોક ખાતે અને તા.૧૮ના કોઠારીયા રોડના વિનોદભાઇ શેઠ કોમ્યુનિટી હોલ ખાતે સવારે ૧૦ થી ૫ જન કલ્યાણ શિબિર યોજાશે.

આ અવસરે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં વિવિધ લોકહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

આ શિબિર કોઈ સભા કે મનોરંજનનો કાર્યક્રમ નથી, પરંતુ નાગરિકોની સેવા માટે સરકાર તમારા દ્વારે આવી છે. અહીં એક જ સ્થળે ૧૬થી વધુ સરકારી સેવાઓ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી તથા લાભ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. જેનો વધુમાં વધુ લોકોએ લાભ લેવો જોઈએ. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહએ જણાવ્યું હતું કે, ૧૨ વર્ષ વિકાસના, ૧૨ વર્ષ વિશ્વાસના એ માત્ર એક સૂત્ર નથી, પરંતુ દેશના કરોડો નાગરિકોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનનું પ્રતિબિંબ છે. લોકોએ અન્ય નાગરિકોને પણ આ અંગે માહિતી આપવી જોઈએ. મહેમાનોના હસ્તે ટોકનરૂપ સહાય અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત સ્ટે.ચેરમેન પરેશભાઈ પીપળીયા દ્વારા અને વોર્ડ નં.૧૦ના કોર્પોરેટરો જ્યોત્સનાબેન ટીલાળા, નીતાબેન લાલ, ઘનશ્યામભાઈ હેરભા અને અશ્વિનભાઈ ભોરણીયા દ્વારા મહાનુભવોનું ખાદીના રૂમાલ અને પુષ્પ અર્પણ કરી સ્વાગત કરાયું હતું. કાર્યક્રમની રૂપરેખા કમિશનર તુષાર સુમેરા દ્વારા અપાઈ હતી.

# 'વિકસીત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૨૬'ને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સનો આવકાર

## ઉદ્યોગોને પોતાની પસંદગી મુજબ લાભ લેવાની છૂટ આપતી નીતિથી ઔદ્યોગિક ક્રાંતિ આવશેઃ પ્રમુખ વી.પી. વૈષ્ણવ

રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "આત્મનિર્ભર ભારત'' અને "વિકસીત ભારત૨૦૪૭'' ના વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી "વિકસીત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૨૬'' ને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવે આવકારી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને હર્ષભાઈ સંઘવીને અભિનંદન પાઠવ્યા છે. ગાંધીનગર ખાતે આયોજિત આ નીતિના લોન્ચિંગ કાર્યક્રમમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, વ્યવસ્થાપક સમિતિના સભ્ય કુમનલાલ વરસાણી અને સત્યેનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નવી ઔદ્યોગિક નીતિનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતને વૈશ્વિક સ્તરે અદ્યતન ઉત્પાદન, નવીનતા, સંશોધન, ગ્રીન ડેવલપમેન્ટ અને રોકાણ માટેના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. ચેમ્બરના મત મુજબ આ નીતિ રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી દિશા અને ગતિ આપશે તેમજ મોટા પાયે રોકાણ, રોજગારીનું સર્જન, ક્ષેત્રનો વિકાસ, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન અને વધુ મજબૂત બનાવશે.

નીતિમાં ગુજરાત રિસર્ચ એન્ડ ઈનોવેશન પાર્કની સ્થાપના, નવી પેઢીના ઉદ્યોગો, અદ્યતન ટેક્નોલોજી, મહિલા સાહસિકો, પ્રથમ પેઢીના ઉદ્યોગકારો તથા સંશોધન અને નવીનતા માટે વિશેષ પ્રોત્સાહનની જોગવાઈઓ કરવામાં આવી છે. વિવિધ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના પ્રોત્સાહનો અને ઉદ્યોગોને પોતાની જરૂરિયાત મુજબ પ્રોત્સાહનો પસંદ કરવાની સુવિધા પણ આપવામાં આવી છે. આ પગલાં ગુજરાતને એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા વેલ્યુ એડિશનના હબ તરીકે વિકસાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# રવિવારે રાજકોટમાં રી-નીટના તમામ પરીક્ષા કેન્દ્રોનું વેબકાસ્ટીંગ કરાશે : ૧૨ કેન્દ્રો પર વ્યવસ્થા

## ડે.કલેકટર કક્ષાના અધિકારીઓ સ્ટેન્ડ-ટુ રહેશે : સમગ્ર વ્યવસ્થા પર કલેકટરની બાજ નજર

રાજકોટ, મેડીકલના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે રી-નીટની પરીક્ષા આગામી તા.૨૧ને રવિવારે બપોરના ૨થી૫ વાગ્યા દરમિયાન રાજકોટ સહિત દેશભરના નિયત કરાયેલા સેન્ટરો પરથી લેવામાં આવનાર છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવાનારી આ પરીક્ષા રાજકોટ સેન્ટરમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય અને વિદ્યાર્થીઓ મુક્ત મને પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રી-નીટની પરીક્ષા સંદર્ભે જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને આજે બપોરના ખાસ બેઠક આયોજીત કરવામાં આવી હતી. અધિક કલેકટર બારોટની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં રી-નીટની આ પરીક્ષાના સુચારૂ સંચાલન માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ હતું.

રાજકોટમાં ૫૩૩૦ વિદ્યાર્થીઓ ૧૨ કેન્દ્રો પરથી રી-નીટની પરીક્ષા આપનાર છે. સીસીટીવી કેમેરાથી સજ્જ એવા આ તમામ પરીક્ષાકેન્દ્રોનું વેબકાસ્ટીંગ કરવામાં આવનાર છે. આ પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને પરીક્ષાની ગરીમા જળવાય રહે તે માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

આ પરીક્ષા તમામ પરીક્ષા કેન્દ્રો પર ડે.કલેકટર કક્ષાના અધિકારીઓ સ્ટેન્ડ-ટુ રહેશે. આ પરીક્ષાના નોડલ અધિકારી તરીકે જેતપુર કોલેજના પ્રિન્સીપાલને જવાબદારી સોંપવામાં આવી છે. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.અહીં એ ઉલ્લેખનીય છે કે, અગાઉ લેવાયેલ નીટની પરીક્ષાના પેપર રાજસ્થાનમાં ફુટી જતા વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળ્યું હતું તેમજ દેશભરમાં દેકારો બોલી જવા પામેલ હતો તેની સાથોસાથ આ પરીક્ષા લેનાર એજન્સી સામે પણ પ્રશ્નો ખડા થયા હતા.

# રાજકોટ પ્રયાસ સંસ્થાના ૭૫ મનોદિવ્યાંગ બાળકો તેના વાલીઓ સાથે જગન્નાથપુરીના દર્શનાર્થે જશે

રાજકોટ,

પ્રયાસ પેરેન્ટ્સ અસોસીએશન મનોદિવ્યાંગ બાળકો સાથે કાર્ય કરતી સંસ્થા છે. સંસ્થામાં હાલ ૨૦૦ જેટલા બાળકો તાલીમ લઈ રહ્યા છે. સંસ્થામાં ૫ વર્ષથી લઈ ૫૭ વર્ષ સુધીના મનોદિવ્યાંગ છે. સંસ્થામાં તેમની રોજિંદા જીવનની પ્રવૃતિઓથી લઈ ફીઝીઓથેરાપી, અકેડેમિક, કોમ્પ્યુટર, અઉક, વોકેશનલ એજ્યુકેશન, પ્રી-વોકેશનલ, કૂકિંગ, ઓક્યુપેશનલ થેરપી, સ્પીચ થેરાપી જેવી તમામ તાલીમ ફીમા આપવામાં આવે છે.

સંસ્થા દર વર્ષે પ્રવાસનું આયોજન કરે છે જેમા વૈષ્ણોદેવી ,હરિદ્વાર જેવા મોટા પ્રવાસો થી માંડી એક દિવસીય પ્રવાસ જેમાં કચ્છ, સોમનાથ, શિવરાજપુર બીચ, દ્વારકા વગેરે સ્થળોના પણ પ્રવાસોનું આયોજન કરેળ છે. આ સંસ્થા એ માત્ર સંસ્થા નથી પરંતુ એક પરિવાર છે એ ભાવને સિદ્ધ ક્રિ બતાવે છે અહી દરેક પ્રવાસમાં બાળકો સાથે તેમના પૂરા પરિવાર ને પણ જોડવામાં આવે છે જે એક મહત્વની બબ્બત છે.

આ વર્ષે જગન્નાથપુરીના પ્રવાસનંબ આયોજન કરી રહ્યા છીએ જે ૧૭ જૂન થી ૨૫ જૂન સુધીનો રહેશે. જેમાં અમે મુખ્યત્વે જગન્નાથ મંદિર,ગોલ્ડન બીચ અને કોર્ણાકના સૂર્યમંદિર ની મુલાકાત લેશું. આ પ્રવાસમાં ૭૫ બાળકો તેમના વાલીઓ સહિત આવશે અને સ્ટાફ માંથી ૧૫ લોકો જોડાશે. આમ કુલ ૨૦૦ લોકો જગન્નાથપુરીના દર્શન કરશે. પ્રયાસ આટલી મોટી સંખ્યામાં મનોદિવ્યાંગ બાળકો સાથે પ્રવાસ કરતી પ્રથમ સંસ્થા બનશે.

આ પ્રવાસ માત્ર ફરવા માટે નથી પરંતુ આ બાળકો માટે મોટી લર્નિંગ પ્રોસેસ છે, ભગવાન જગન્નાથના આશીર્વાદથી આ બાળકોના જીવનમાં દર વર્ષે એક નવો આનંદ અને ઉત્સાહ ઉમેરાય છે. વધુ માહિતી માટે પૂજા પટેલ(પ્રમુખ)?પ્રયાસ પેરેન્ટ્સ અસોસીએશન, સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ, સ્કૂલ નં ૬૯,અંબાજી કડવા પ્લોટ શેરી નં -૨, કૃષ્ણ નગર મેં રોડ, રાજકોટ.સંપક કરવો

# રાજકોટમાં ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા ધો. ૧૦-૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન કારયું

## 'જ્ઞાનરત્ન અભિવાદન' સમારોહમાં કેબીનેટ મંત્રી પ્રધ્યુમનભાઈ વાજા, સાંસદ રૂપાલાની ઉપસ્થિતિ



રાજકોટ,વિધાનસભા-૬૮ના ધો.૧૦-૧૨ના માર્ચ-૨૦૨૬ના બોર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને શુભેચ્છા આપવાના આશયથી તેમને સન્માનવા ધારાસભ્ય ઉદય કાનગડ અને શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા ધ્વારા શહેરના અટલબીહારી બાજપાઈ ઓડીટોરીયમ ખાતે સતત ચોથા વર્ષે 'જ્ઞાનરત્ન અભિવાદન' સમારોહ યોજાયો હતો.

આ સમારોહમાં વિધાનસભા-૬૮ના ધો. ૧૦-૧૨ની પરિક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરનનાર ૧૦૭૬ વિદ્યાર્થીઓનું શિલ્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહનો મંચસ્થ અગ્રણીઓ ધ્વારા દિપ પ્રાગટય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ સમારોહમાં અધ્યક્ષપદે રાજયના કેબીનેટ મંત્રી પ્રધ્યુમનભાઈ વાજા, ઉદઘાટક સાંસદ પરસોતમભાઈ રૂપાલા, અતિથિ વિશેષ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, મેયર ડો.નેહલ શુક્લ, ધારાસભ્યો ભાનુબેન બાબરીયા,ડો.દર્શીતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પરેશ પીપળીયા (પી.પી.), શહેર ભાજપ મહામંત્રી લલીત વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, ડે.મેયર દક્ષાબેન વસાણી, શાસક પક્ષ નેતા હિરેન ખીમાણીયા, દંડક સંજયસિંહ રાણા હાજર રહ્યા હતા.

# રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે રક્તદાન કેમ્પ યોજાયો



રાજકોટ,

૧૪ જૂન, વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે વિશાલ બેરિંગ્સ લિમિટેડ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો. ૧૧૮ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું અને અમુલ્ય માનવ જિંદગીઓ બચાવવામાં નિમિત બન્યા હતા. વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે યોજાયેલ રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે વિશાલ બેસ્ટિંગ્સ લિમિટેડના દિલીપભાઈ ચાંગેલા, દિવ્યેશભાઈ ચાંગેલા, વિજયભાઈ ચાંગેલા, વિશાલભાઈ ચાંગેલા, દર્શિતભાઈ ચાંગેલા તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ જહેમત ઉઠાવી હતી.

# જી-૭ પ્લેટફોર્મ પર ભારતની હાજરીએ નવી વૈશ્વિક વ્યવસ્થાને પ્રતિબિંબિત કરી

## કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્નેએ વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રોના જૂથ, જી ૭ ના પ્લેટફોર્મ પર ભારતની તાકાતને સ્વીકારી

પેરિસ,

કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્નેએ વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રોના જૂથ, જી ૭ ના પ્લેટફોર્મ પર ભારતની તાકાતને સ્વીકારી છે. તેમણે કહ્યું કે ફ્રાન્સમાં ૪૭ સમિટમાં ભારતની ભાગીદારી બદલાતી વૈશ્વિક વ્યવસ્થાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આ જૂથ હવે ફક્ત આંતરરાષ્ટ્રીય બાબતો પર પ્રભુત્વ મેળવવાનો દાવો કરી શકે નહીં. યુરોપના છ દિવસના પ્રવાસ દરમિયાન ટ્રિનિટી કોલેજ ડબલિનમાં બોલતા, માર્ક કાર્નેએ જણાવ્યું હતું કે ભારત જેવા દેશોનો સમાવેશ દર્શાવે છે કે ૪૭ એ વાતને સ્વીકારે છે કે મુખ્ય વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે તેના પરંપરાગત સભ્યપદથી આગળ વ્યાપક આંતરરાષ્ટ્રીય સહયોગ અને દ્રષ્ટિકોણની જરૂર છે.

જી ૭ સમિટ પહેલા, કેનેડિયન નેતાએ કહ્યું, "આ એક માન્યતા છે કે ભલે જી ૭ એક સમયે વિશ્વ ચલાવતું હતું, તે હવે તેને ચલાવતું નથી, અને ન તો તે તેનો ઢોંગ કરે છે." આ વર્ષે જી ૭ સમિટ ફ્રાન્સમાં યોજાઈ રહી છે, જ્યાં ભારતને મહેમાન દેશ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભારત ઓછામાં ઓછા ૨૦ વર્ષથી જી ૭ માં મહેમાન દેશ તરીકે ભાગ લઈ રહ્યું છે.

માર્ક કાર્નેએ વધુમાં જણાવ્યું હતું કે મંગળવારે ફ્રાન્સના એવિયનમાં શરૂ થનારી ૫૨મી જી ૭ સમિટમાં ફક્ત જી ૭ સભ્યો જ નહીં પરંતુ ભારત, બ્રાઝિલ, ઈજિપ્ત, કેન્યા અને ઘણા ખાડી દેશો સહિત ભાગીદાર દેશો પણ સામેલ થશે. કાર્નીના મતે, આ દેશો વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા માટે "વ્યાપક દ્રષ્ટિકોણ અને ઉકેલોનો વ્યાપક સ્પેક્ટ્રમ" પ્રદાન કરશે. કાર્નીએ કહ્યું કે આ બેઠક નવા વિશ્વ વ્યવસ્થા માટે માળખાને આકાર આપવામાં મદદ કરી શકે છે. તેમણે આ વર્ષની શરૂઆતમાં દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં પોતાના ભાષણનો



પુનરોચ્ચાર કર્યો હતો, જેમાં તેમણે મધ્યમ-સ્તરની શક્તિઓને સંયુક્ત રીતે વધતા ભૂ-રાજકીય પડકારોનો સામનો કરવા હાકલ કરી હતી.

સમિટનો એજન્ડા વૈશ્વિક આર્થિક સ્થિરતા, ઊર્જા અને આરોગ્ય સુરક્ષા, યુક્રેન અને મધ્ય પૂર્વમાં સંઘર્ષો અને કૃત્રિમ બુદ્ધિમત્તાના શાસન જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે. એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ પર ભાર મૂકતા, માર્ક કાર્નીએ ચેતવણી આપી હતી કે આ ક્ષેત્ર વૈશ્વિક સ્તરે મોટાભાગે નિયમન વિના કાર્ય કરે છે.

# કફ સિરપ સહિત તમામ પ્રકારના સીરપ ખરીદવા હવે ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત

## કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડ્યું

નવીદિલ્હી,

ભારતમાં કફ સિરપના બેફામ વેચાણ અંગે સરકાર હવે કડક બની છે. કફ સિરપમાં ભેળસેળ, ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના તેનું વેચાણ અને અસંખ્ય કૌભાંડોના તાજેતરના અહેવાલોને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડ્યું છે જેમાં કહેવામાં આવ્યું છે કે કફ સિરપ સહિત તમામ પ્રકારના સીરપ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકાશે નહીં. આનો અર્થ એ છે કે કફ સિરપ હવે મેડિકલ સ્ટોર્સમાં પ્રિસ્ક્રિપ્શન વિના ઉપલબ્ધ રહેશે નહીં. આ સીરપ ખરીદવા માટે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનની જરૂર પડશે.આરોગ્ય મંત્રાલયે શેડ્યૂલ દ્ધ માં સમાવિષ્ટ કેટલીક દવાઓ સંબંધિત નિયમોમાં સુધારો કર્યો છે. આ સુધારા હેઠળ, "સીરપ" શબ્દને સૂચિમાંથી દૂર કરવામાં આવ્યો છે. આ નવા નિયમને ડ્રગ્સ (પાંચમો સુધારો) નિયમો, ૨૦૨૬ કહેવામાં આવશે. આ નવા નિયમને પગલે, લાઈસન્સ અથવા પ્રિસ્ક્રિપ્શન વિના સીરપ વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આવા દવા વેચનારાઓના લાઈસન્સ પણ રદ કરવામાં આવશે. સરકારે ઓવર-ધ-કાઉન્ટર સીરપથી થતા નુકસાન અને બાળકોની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. થોડા સમય પછી આ નિર્ણયની સમીક્ષા અને દેખરેખ રાખવામાં આવશે.

તાજેતરમાં, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કફ સીરપથી બાળકોના મૃત્યુના કિસ્સાઓ નોંધાયા હતા, જેના પગલે કેન્દ્ર સરકારે કડક નિર્ણય લીધો છે. આ મામલે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની એક બેઠક યોજાઈ હતી, જેમાં આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવે રાજ્યોને કડક સૂચનાઓ આપી હતી, જેમાં જણાવ્યું હતું કે કોઈપણ સ્તરે બેદરકારી સહન કરવામાં આવશે નહીં. તમામ રાજ્યોમાં જિલ્લા દવા ફેક્ટરીઓનું નિરીક્ષણ કરવામાં આવશે, અને જો નિયમોનું ઉલ્લંઘન થશે તો ફેક્ટરી લાઈસન્સ રદ કરવામાં આવશે.

# મમતા બેનર્જીએ ભવાનીપુર વિધાનસભા બેઠકના ચૂંટણી પરિણામોને કાયદેસર રીતે પડકાર્યા

## મમતા બેનર્જીએ હાઈકોર્ટમાં ચૂંટણી અરજી દાખલ કરી

કોલકતા,

તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીએ કોલકાતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. તેમણે ભવાનીપુર વિધાનસભા બેઠકના ચૂંટણી પરિણામોને કાયદેસર રીતે પડકાર્યા છે. આ બેઠક પર તેમને ભાજપના નેતા અને વર્તમાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી દ્વારા હારનો સામનો કરવો પડ્યો હતો. મમતા બેનર્જીએ આ ચૂંટણી હાર સામે હાઈકોર્ટમાં ચૂંટણી અરજી દાખલ કરી છે.

૨૦૨૬ ની વિધાનસભા ચૂંટણીમાં, મમતા બેનર્જીને તેમના ભૂતપૂર્વ ગઢમાં કારમી હારનો સામનો કરવો પડ્યો. ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને ભાજપના સુવેન્દુ અધિકારીએ ૧૫,૧૦૫ મતોના માર્જિનથી હરાવ્યા. આ અણધારી હારથી રાજ્યની રાજકીય ગતિશીલતા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ચૂંટણી પરિણામો પછી, ટીએમસી છાવણીમાં વ્યાપક અસંતોષ અને અસ્વસ્થતા જોવા મળી છે.

મમતા બેનર્જીએ હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજીમાં ખૂબ જ ગંભીર માંગણીઓ કરી છે. કાનૂની અરજી દ્વારા, તેમણે ભવાનીપુર મતવિસ્તારના તમામ ચૂંટણી રેકોર્ડ સાચવવાની વિનંતી કરી છે. આમાં મતદાન દસ્તાવેજો અને ઈવીએમ સહિત ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો સમાવેશ થાય છે. મમતા બેનર્જીએ માંગ કરી છે કે આ ઉપકરણો અને દસ્તાવેજોને તાત્કાલિક સીલ કરવામાં આવે જેથી તેમની સાથે છેડછાડ કે નાશ ન થાય.

# ફ્રાન્સ ભારતીય રાફેલને સુપરપાવર બનાવવા માટે સંમત સુપર જેટ ચીન અને પાકિસ્તાનને હચમચાવી નાખશે

## ફ્રાન્સ હવે ભારતને પહોંચાડવામાં આવનાર રાફેલમાં અદ્યતન ઉપગ્રહ સંચાર લિંક્સ અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો સમાવેશ કરવા સંમત

નવીદિલ્હી,

એક નવા કરાર હેઠળ, ફ્રાન્સ ભારતને ભવિષ્યના રાફેલ વિમાનો માટે મુખ્ય 'રાફેલ એફ૫' ટેકનોલોજી પ્રદાન કરવા માટે સંમત થયું છે. આમાં એઆઈ-સહાયિત નિર્ણય લેવાની ક્ષમતા, અદ્યતન ઉપગ્રહ સંચાર, સુધારેલ ડેટા ફ્યુઝન અને નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધ ક્ષમતાઓનો સમાવેશ થાય છે. આ મુશ્કેલ કામગીરી દરમિયાન વધુ સારી પરિસ્થિતિગત સમજણ અને વધુ અસરકારક લડાઈ ક્ષમતાઓ પ્રદાન કરશે. ફ્રાન્સ હવે ભારતને પહોંચાડવામાં આવનાર રાફેલમાં અદ્યતન ઉપગ્રહ સંચાર લિંક્સ અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો સમાવેશ કરવા સંમત થયું છે. આ ભવિષ્યમાં ભારતને રાફેલને સુપરપાવર બનાવશે. આવા સુપર રાફેલ્સના આગમનથી પાકિસ્તાન અને ચીન વચ્ચે તણાવ વધશે તે નિશ્ચિત છે. સુપર રાફેલ્સને હાઈપરસોનિક, પરમાણુ-સક્ષમ ગાઈડેડ મિસાઈલો વહન કરવા માટે પણ સંશોધિત કરવામાં આવશે. ફ્રેન્ચ કંપની દસોલ્ટ તેને માત્ર એક ફાઈટર જેટ નહીં, પરંતુ "એક સિસ્ટમની અંદર હવાઈ લડાઈ પ્રણાલી" માને છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સની મુલાકાતે છે, જ્યાં તેઓ જી-૭ સમિટમાં ભાગ લેવા માટે ઈવિયન પહોંચ્યા છે. અહેવાલો અનુસાર, સુપરપાવર બનવા માટે રાફેલના પ્રસ્તાવિત ટેકનોલોજી અપગ્રેડનો અમલ ભારતીય વાયુસેનાના મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ કાર્યક્રમ હેઠળ કરવામાં આવી રહ્યો છે.

આમાં ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ્સની ખરીદીનો સમાવેશ થાય



છે. આ બધા રાફેલ્સ આગામી પેઢીની ટેકનોલોજીથી સજ્જ હશે, જે ભવિષ્યમાં ભારતીય રાફેલ કાફલાને હાલના એફ૩ઇ અને એફ૪ થી એફ ૫ ટેકનોલોજીમાં અપગ્રેડ કરવામાં સક્ષમ બનાવશે. આ બધા રાફેલ્સ અદ્યતન નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધ ક્ષમતાઓ અને એઆઈ-આધારિત નિર્ણય લેવાની ક્ષમતાથી સજ્જ હશે.જો રાફેલ એસએટીસીઓએમથી સજ્જ હશે, તો તે વિનાશ વેરશે.

# ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ

ઈન્ડોનેશિયા

મંગળવારે ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેનું કેન્દ્ર પાલુથી લગભગ ૪૨ કિમી દક્ષિણપૂર્વમાં ૧૦ કિમીની ઊંડાઈએ હતું.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (દ્વઝ્જી) અનુસાર, ભૂકંપ સવારના સમયે આવ્યો હતો, તેનું કેન્દ્ર ૧.૦૭૩ દક્ષિણ અક્ષાંશ અને ૧૨૦.૨૬૩ પૂર્વ રેખાંશ પર હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુ, ઈજાઓ અથવા મોટા નુકસાનના તાત્કાલિક કોઈ અહેવાલ નથી. જોકે, અધિકારીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં ભૂકંપની અસરનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખી રહ્યા છે.

કટોકટી ટીમો એલર્ટ પર છે કારણ કે આ તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ પછી આફ્ટરશોક શક્ય છે.

ઈન્ડોનેશિયા પેસિફિક રિંગ ઓફ ફાયર પર સ્થિત હોવાથી વિશ્વના સૌથી વધુ ભૂકંપ-સંભવિત દેશોમાંનો એક છે, એક વિશાળ ક્ષેત્ર જ્યાં અનેક ટેક્ટોનિક પ્લેટો મળે છે. પરિણામે, સમગ્ર દ્વીપસમૂહમાં ભૂકંપ અને જ્વાળામુખી ફાટી નીકળવાની ઘટનાઓ વારંવાર બને છે. દેશના લાખો લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં નિયમિતપણે ભૂકંપની ગતિવિધિઓનો અનુભવ થાય છે.

ફિલિપાઈન્સમાં આવેલા જીવલેણ ભૂકંપના થોડા દિવસો પછી ઈન્ડોનેશિયામાં ભૂકંપ આવ્યો છે. ફિલિપાઈન્સના દક્ષિણ કિનારે ૭.૮ ની તીવ્રતાના વિનાશક ભૂકંપમાં ઓછામાં ઓછા ૩૫ લોકો માર્યા ગયા હતા અને ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. શક્તિશાળી ભૂકંપના કારણે ફિલિપાઈન્સના દરિયાકાંઠાના ભાગોમાં ઈમારતો ધરાશાયી થઈ, ભૂસ્ખલન થયું અને સુનામી આવી.

# આધાર ફક્ત ઓળખનો પુરાવો,નાગરિકતા, સરનામું, જન્મ તારીખ માટેનો પુરાવો નથી

## આધાર કાર્ડનો ઉપયોગ ફક્ત ઓળખ માટે જ થવો જોઈએ : સુપ્રીમ કોર્ટે એક જાહેર હિતની અરજી પર વિચાર કરવા સંમતિ આપી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે એક જાહેર હિતની અરજી પર વિચાર કરવા સંમતિ આપી હતી જેમાં કેન્દ્ર સરકાર, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને ભારતના ચૂંટણી પંચને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી કે આધારનો ઉપયોગ ફક્ત ઓળખના પુરાવા તરીકે થાય, નાગરિકતા, રહેઠાણ, સરનામું અથવા જન્મ તારીખના પુરાવા તરીકે નહીં. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજી પર કેન્દ્ર સરકાર, તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ સિટિઝન્સ અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાને નોટિસ જારી કરી છે.

અરજીમાં જણાવાયું છે કે આધાર અધિનિયમ, ૨૦૧૬ ની કલમ ૯ સ્પષ્ટપણે જણાવે છે કે આધાર નાગરિકતા અથવા રહેઠાણનો પુરાવો નથી, જ્યારે યુઆઈડીએઆઈ સૂચનાઓ સ્પષ્ટપણે જણાવે છે કે આધાર ફક્ત ઓળખનો પુરાવો છે, નાગરિકતા, સરનામું અથવા જન્મ તારીખનો પુરાવો નથી. અરજી અનુસાર, આ કાનૂની મર્યાદાઓ અને કોર્ટના નિર્ણયો હોવા છતાં કે આધાર ઉંમરનો પુરાવો નથી, શાળા પ્રવેશ, મિલકત વ્યવહારો, જન્મ પ્રમાણપત્રો, રેશન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ સહિત વિવિધ હેતુઓ માટે દસ્તાવેજને ઉંમર, રહેઠાણ, નાગરિકતા અને નિવાસસ્થાનના પુરાવા તરીકે વ્યાપકપણે સ્વીકારવામાં આવ્યો છે.

જનહિત અરજી (ફોર્મ ૬) માં નવા મતદાર નોંધણી માટે અરજી ફોર્મમાં જન્મ તારીખ અને રહેઠાણના પુરાવા તરીકે આધારના ઉપયોગને ખાસ પડકાર આપે છે. તેમાં દલીલ કરવામાં આવી છે કે આવો ઉપયોગ આધાર કાયદા,યુઆઈડીએઆઈ માહિતી અને જન પ્રતિનિધિત્વ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.

# સીએમ વિજયની તમિલનાડુના ખેડૂતોને મોટી ભેટ : ૭૫,૦૦૦ રૂપિયા સુધીની લોન માફી

## રાજ્યના ૧૪.૪૩ લાખ ખેડૂતોને આ યોજનાથી ફાયદો થશે

ચેન્નાઈ,

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે મંગળવારે ખેડૂતો માટે ૭૫,૦૦૦ સુધીની પાક લોન સંપૂર્ણ માફ કરવાની જાહેરાત કરી. રાજ્ય સરકારે એક નિવેદન બહાર પાડ્યું જેમાં જણાવ્યું હતું કે આનાથી રાજ્યના ૧૪.૪૩ લાખ ખેડૂતોને ફાયદો થશે અને રાજ્ય સરકારને ૫,૯૩૨ કરોડનો વધારાનો ખર્ચ થશે. સચિવાલયમાં મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક બાદ, મુખ્યમંત્રીએ કહ્યું કે ૭૫,૦૦૦ થી વધુની લોન લેનારા ખેડૂતોને ૩૫,૦૦૦ સુધીની માફી મળશે. ગયા મહિને, રાજ્ય સરકારે સહકારી બેંકોમાંથી લોન લેનારા નાના અને સીમાંત ખેડૂતો માટે ૫૦,૦૦૦ સુધીની લોન માફીની જાહેરાત કરી હતી. આ પછી, ખેડૂતોએ સુધારાની માંગ કરી. નવી જાહેરાત તેનું સુધારેલું સંસ્કરણ છે.

સરકારી લોન માફી યોજનાઓ માટે ભારતીય રિઝર્વ બેંક મોડેલ ઓપરેટિંગ પ્રક્રિયા હેઠળ, સરકારે ૪૫ થી ૬૦ દિવસમાં માફ કરાયેલી લોનની સંપૂર્ણ રકમનું વિતરણ કરવું જરૂરી છે. રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, "રાજ્ય સરકારની વર્તમાન નાણાકીય પરિસ્થિતિ અને સંસાધનોને ધ્યાનમાં લેતા, આ મુશ્કેલ પરિસ્થિતિમાં, મુખ્યમંત્રીએ ૧ મે, ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ વચ્ચે પાક લોન લેનારા ૧૪.૪૩ લાખ ખેડૂતો માટે આશરે ૬,૦૦૦ કરોડ રૂપિયાની લોન માફીનો આદેશ આપ્યો છે.

# તાલિબાન અફઘાનિસ્તાનમાં મહિલાઓ પરના અત્યાચાર બંધ કરે : સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ

## દેશમાં કાર્યરત આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવા પણ જણાવ્યું

સંયુકતરાષ્ટ્ર,

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે સર્વાનુમતે એક ઠરાવ પસાર કર્યો. તેમાં અફઘાનિસ્તાનના તાલિબાન શાસકોને મહિલાઓ પરના પ્રતિબંધો તાત્કાલિક હટાવવા અને દેશમાં કાર્યરત આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવા હાકલ કરવામાં આવી હતી.

ભારત-સ્લોવાકિયા સંબંધોઃ ભારત અને સ્લોવાકિયા આતંકવાદ સામે એકસાથે આવ્યા, શિક્ષણ અને રોજગાર સહિત ૧૧ ક્ષેત્રોમાં મુખ્ય કરારો પર હસ્તાક્ષર થયા. ચીનના યુએન રાજદૂત ફુ કોંગ, જેમણે ઠરાવને પ્રાયોજિત કર્યો હતો, તેમણે કહ્યું કે આશા છે કે અફઘાન સરકાર માનવ અધિકારો, ખાસ કરીને મહિલા અધિકારોના રક્ષણ માટે વધુ સક્રિય પગલાં લેશે અને ખુલ્લાપણું, સમાવેશીતા અને જવાબદારીની છબી રજૂ કરશે.

આ ઠરાવ અફઘાનિસ્તાનમાં યુએન રાજકીય મિશનના કાર્યકાળને ૧૭ જૂન, ૨૦૨૭ સુધી લંબાવશે. તે મિશનને ભેદભાવ વિના માનવતાવાદી સહાય પહોંચાડવા અને રાષ્ટ્રીય અને સ્થાનિક શાસનને પ્રોત્સાહન આપવા, લિંગ, ધર્મ અથવા જાતિના આધારે ભેદભાવ વિના, અને મહિલાઓ, લઘુમતીઓ, યુવાનો અને અપંગ વ્યક્તિઓની સંપૂર્ણ, સમાન, અર્થપૂર્ણ અને સલામત ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પણ અધિકૃત કરે છે.

આ મહિને પશ્ચિમ અફઘાનિસ્તાનના હેરાત શહેરમાં તાલિબાનના કડક ડ્રેસ કોડનું ઉલ્લંઘન કરવાના આરોપમાં ઓછામાં ઓછી ૩૦ મહિલાઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ ઠરાવ આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સહાય મિશન અનુસાર, તાલિબાન પોલીસે આ ધરપકડો સામે એક દુર્લભ વિરોધ પ્રદર્શનને બળજબરીથી વિખેરી નાખ્યો હતો, જેના પરિણામે ગોળીબારમાં એકનું મૃત્યુ થયું હતું અને અનેક લોકો ઘાયલ થયા હતા.

# સ્લોવાકિયન કલાકારોની કૃતિઓ વારાણસીની સંસ્કૃતિ અને વારસાને દર્શાવે છે : પીએમ મોદી

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્લોવાકિયાની તેમની ઐતિહાસિક બે દિવસીય મુલાકાત પૂર્ણ કરી છે. ૧૯૯૩માં સ્લોવાકિયાની સ્વતંત્રતા પછી ભારતીય વડા પ્રધાનની આ પહેલી મુલાકાત હતી. આ મુલાકાત દરમિયાન, બંને દેશોએ આતંકવાદ સામેની લડાઈ, શિક્ષણ અને રોજગાર સહિત અનેક મુખ્ય ક્ષેત્રોમાં મોટા કરારો પર હસ્તાક્ષર કર્યા. બંને દેશોએ હવે તેમના સંબંધોને "વ્યાપક ભાગીદારી" સુધી પહોંચાડ્યા છે.

તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ, સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની સાથે, બ્રાતિસ્લાવામાં રાષ્ટ્રપતિ મહેલમાં એક ખાસ પ્રદર્શનની મુલાકાત લીધી. આ પ્રદર્શન ભારતના પ્રાચીન અને પવિત્ર શહેર



બંને દેશોએ આતંકવાદ સામેની લડાઈ, શિક્ષણ અને રોજગાર સહિત અનેક મુખ્ય ક્ષેત્રોમાં કરારો પર હસ્તાક્ષર કર્યા

વારાણસી (બનારસ) પર કેન્દ્રિત હતું. તેમાં તાજેતરમાં વારાણસીની મુલાકાત લીધેલા સ્લોવાકિયન કલાકારોની કૃતિઓ દર્શાવવામાં આવી હતી. તેમની કલા દ્વારા, કલાકારોએ બનારસની સુંદરતા અને સંસ્કૃતિને કેનવાસ પર કેદ કરી હતી.

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર આ અનુભવ શેર કર્યો, તેને "બ્રાતિસ્લાવામાં બનારસ સાથે જોડાણ" ગણાવ્યું. પીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, "બ્રાતિસ્લાવામાં બનારસ સાથે જોડાણ! ગઈકાલે બ્રાતિસ્લાવામાં રાષ્ટ્રપતિ મહેલમાં, રાષ્ટ્રપતિ પેલેગ્રિની અને મેં વારાણસી પર કેન્દ્રિત એક રસપ્રદ પ્રદર્શનની મુલાકાત લીધી, જેમાં તાજેતરમાં વારાણસીની મુલાકાત લેનારા સ્લોવાક કલાકારોની કૃતિઓ દર્શાવવામાં આવી હતી. કલા અને સંસ્કૃતિમાં લોકોને એકસાથે લાવવાની અદ્ભુત ક્ષમતા છે. આ પ્રદર્શનમાં પ્રદર્શિત થયેલા તમામ કલાકારોને મારા હૃદયપૂર્વક અભિનંદન.

# ભારતમાં ગોડઝીલા અલ નિનોના કારણે નબળા ચોમાસાથી ખેતીવાડી ક્ષેત્રમાં વ્યાપક નુકસાનનો ભય

## અલ નિનોના ભય વચ્ચે કૃષિ મંત્રીએ ઓછા વરસાદવાળા જિલ્લાઓમાં યોજનાઓ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,

અલ નિનોના ભય વચ્ચે, કૃષિ મંત્રીએ ઓછા વરસાદવાળા જિલ્લાઓમાં કટોકટી યોજનાઓ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્ર સરકારે અલ નિનોને કારણે ખરીફ પાકને બચાવવા માટે એક યોજના બનાવી છે.

દેશના ઘણા રાજ્યોમાં આ દિવસોમાં હવામાન બદલાયું છે. પરંતુ આગામી દિવસોમાં, તીવ્ર ગરમી ઘણા રાજ્યોમાં વિનાશ વેરશે. ભારતીય હવામાન વિભાગ સહિત અનેક વૈશ્વિક હવામાન એજન્સીઓએ અલ નિલોની આગાહી કરી છે. ખાદ્ય અને કૃષિ સંગઠનએ ચેતવણી આપી છે કે અલ નિનો ભારતના ઉનાળાના ચોમાસાને નબળો પાડી શકે છે, જેના કારણે મહત્વપૂર્ણ ખરીફ ઋતુ દરમિયાન ચોખા અને મકાઈ સહિતના પાક પર દબાણ આવી શકે છે. અલ નિનોના ભયને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે મંગળવારે ઓછા વરસાદવાળા જિલ્લાઓમાં આગોતરા આકસ્મિક આયોજનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કપાસ અને કઠોળની ખેતીનો વ્યાપ વધારવાનો પણ આગ્રહ કર્યો હતો.

કૃષિ ભવનમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય કૃષિ સમીક્ષા બેઠકમાં ખરીફ ૨૦૨૬ માટે દેશભરમાં કરવામાં આવી રહેલી તૈયારીઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન, સંભવિત અલ નિનો પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી હતી અને અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે જ્યાં ઓછા વરસાદ અથવા વરસાદના અસમાન વિતરણની સંભાવના છે તેવા જિલ્લાઓમાં સંપૂર્ણ તૈયારી સુનિશ્ચિત કરવામાં આવે.

કૃષિ મંત્રીએ કહ્યું, "આવા જિલ્લાઓની ઓળખ કરવી જોઈએ અને રાજ્ય સરકારો સાથે મળીને પાક-વાર કટોકટી યોજનાઓ તૈયાર કરવી જોઈએ, જેથી હવામાન સંબંધિત કોઈપણ પડકારના કિસ્સામાં ખેડૂતોને તાત્કાલિક વિકલ્પો, સલાહ અને સહાય પૂરી પાડી શકાય."

મંત્રીએ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું, "કપાસની ઉત્પાદકતા અને ખેડૂતોની આવક બંનેમાં વધારો કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ, યોગ્ય જાતોની પસંદગી, આંતર-પાક, મલ્ચિંગ અને ભેજ સંરક્ષણ જેવા પગલાંને નોંધપાત્ર રીતે પ્રોત્સાહન આપો."

અલ નીનોને કારણે સરકાર પહેલાથી જ નબળા ચોમાસા માટે તૈયારી કરી રહી છે. જળાશયના પાણીના ઊંચા સ્તર, રેકોર્ડ અનાજના ભંડાર અને અર્થતંત્રમાં માળખાકીય સુધારાને કારણે, ભારત આ વર્ષે સંભવિત નબળા ચોમાસા અને ઉભરતી અલ નીનો પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સારી સ્થિતિમાં છે. નવીનતમ માહિતી અનુસાર, મે ૨૦૨૬ માં, જળાશયના પાણીનું સ્તર તેની કુલ ક્ષમતાના ૩૦.૪ ટકા હતું. આ ૨૦૧૫-૧૬ અને ૨૦૨૩-૨૪ વચ્ચેના પાછલા અલ નિનો વર્ષોમાં નોંધાયેલા ૨૫.૧ ટકાના સરેરાશ સ્તર કરતાં વધારે છે.

# અઠવાડિયાથી લાપતા ખેડૂતના કંકાલ મળતાં ભારે ચકચાર

## અમરેલી જિલ્લામાં એક જ સપ્તાહમાં વન્યપ્રાણી હુમલાની ત્રીજી શંકાસ્પદ ઘટના

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામના અઠવાડિયાથી લાપતા રહેલા ૬૨ વર્ષીય વૃધ્ધ ખેડૂત દિલીપભાઈ વાઘજીભાઈ દેસાઈના ગઈકાલે હાડકાં, ખોપડી અને કપડાં મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તેમને વન્યપ્રાણીઓએ ફાડી ખાધા હોવાની આશંકા વચ્ચે વન વિભાગે અવશેષોને ફોરેન્સિક તપાસ માટે ભાવનગર મોકલી આપ્યા છે. એક જ અઠવાડિયામાં અમરેલી જિલ્લામાં વન્ય પશુઓ દ્વારા માનવ મૃત્યુની આવી ત્રીજી ઘટના સામે આવતાં લોકોમાં ભય અને ચિંતાનું વાતાવરણ સર્જાયું છે.





સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામના રહેવાસી અને ખેડૂત દિલીપભાઈ વાઘજીભાઈ દેસાઈ (ઉ.વ. ૬૨) છેલ્લા અઠવાડિયાથી રહસ્યમય રીતે લાપતા હતા. તેમજ સ્થાનિક તંત્ર દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ગામની સીમ વિસ્તારમાંથી ખેડૂતના કપડાં, ખોપડી સહિતના હાડકાં મળી આવતાં ઘટનાએ ગંભીર વળાંક લીધો હતો.

પ્રાથમિક તપાસમાં મળેલા અવશેષો પરથી વન્ય પ્રાણીઓએ હુમલો કરી ફાડી ખાધા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. ઘટના સ્થળેથી મળેલા પુરાવાઓના આધારે વન વિભાગ અને પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

વન વિભાગના અધિકારીઓએ મૃતકના હાડકાં અને અન્ય અવશેષોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ભાવનગર મોકલી આપ્યા છે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ ખેડૂતનું મોત વન્ય પ્રાણીના હુમલાથી થયું હતું કે અન્ય કોઈ કારણસર થયું હતું તે અંગે સ્પષ્ટતા થઈ શકશે.

સ્થાનિક પોલીસમાં પણ જંગલી વન્યપ્રાણી દ્વારા હુમલો કરી ફાડી ખાધાની દિશામાં નોંધ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

બીજી તરફ, અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં માનવજીવનને ભોગ બનેલી વન્યપ્રાણી હુમલાની સતત સામે આવી રહેલી ઘટનાઓને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ બનાવમાં વન વિભાગે સમગ્ર મામલે સઘન તપાસ શરૂ કરી છે. અને ફોરેન્સિક રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. રિપોર્ટ બાદ જ આ મોત પાછળનું સાચું કારણ બહાર આવશે અને ઘટનાની હકીકત સ્પષ્ટ થઈ શકશે.

# અમરેલીમાં રૂા.૧.૨૨ કરોડની સાયબર છેતરપિંડીનો આરોપી સુરતથી ઝડપાયો

## લોન અપાવવાના બહાને મ્યુલ બેન્ક એકાઉન્ટ ખોલાવી ફ્રોડના નાણાંની હેરાફેરી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧.૨૨ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા મુળ સૌરાષ્ટ્રના મહુવાના વતની અને હાલ કતારગામ સુરતમાં રહેતા આરોપીને અમરેલી એલ.સી.બી.એ સુરતથી દબોચી લીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસારઅમરેલી જિલ્લાના જરૂરિયાતમંદ લોકોને લોન અપાવવાની લાલચમાં ફસાવીને આરોપીએ ફસાવેલા લોકોના નામે ઓનલાઈન બેંક ખાતાઓ ખોલાવ્યા હતા અને તેની કીટ તથા લિંક કરેલા મોબાઈલ નંબરના સીમકાર્ડ મેળવી તા.૪ એપ્રિલ ૨૦૨૫ થી ૧૫ જુલાઈ ૨૦૨૫ દરમિયાન, આ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને અલગ-અલગ રાજ્યોમાં થયેલી સાયબર છેતરપિંડીના કુલ રૂ. ૧,૨૨,૪૭,૦૯૮ જમા કરાવી તેને અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી કે એટીએમ/ચેક દ્વારા ઉપાડીને સગેવગે કરી દેવામાં આવ્યા હતા.



**આરોપી સામે અગાઉ સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં બે ગુના,લીલીયા,વડોદરા,નવી મુંબઈ પનવેલ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે**

આ મામલે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઝડપાયેલો આરોપી અજીત સામતભાઈ પરમાર( ઉ.વ. ૨૬ )કતારગામના ૧૨૧-જે.કે.પી. નગર, ધનમોરા કોમ્પ્લેક્ષ, (મૂળ રહેવાસી ગોરસ, તા. મહુવા, જિ. ભાવનગર) ને અમરેલી એલ.સી.બી દબોચી લીધો હતો.પકડાયેલ આરોપી અજીત પરમારસામે અગાઉ`માં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં બે ગુના (પોકસો એક્ટ સહિત) લીલીયા પોલીસ સ્ટેશનમાં એક ગુનો વડોદરા શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક ગુનો.નવી મુંબઈ (મહારાષ્ટ્ર)ના નવીન પેનવેલ પોલીસ સ્ટેશનમાં એક ગુનો નોંધાયો છે. અમરેલી પોલીસ એલ.સી.બી. ટીમ અને સાયબર ક્રાઈમ બ્રાંચ દ્વારા સંયુક્ત કામગીરી કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

# મીઠાપુર ગામમાં મજૂરીના રૂા. ૧ હજાર રૂપિયાની ઉઘરાણી કરતાં બે પક્ષો ધમાસાણ,૩ને ઈજા

અમરેલી:જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે મજૂરીના બાકી નીકળતા રૂપિયાની ઉઘરાણી કરતાં થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બંને પક્ષો વચ્ચે મારામારી સર્જાઈ હતી. જેમાં ઘણ અને કુહાડી જેવા હથિયારો વડે હુમલો કરતા બંને પક્ષના ત્રણ લોકોને ઈજા પહોંચી હોવાની નાગેશ્રી પોલીસમાં કુલ ૬ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.

જાફરાબાદના મીઠાપુર ગામના રહેવાસી અલ્પેશભાઈ લાખાભાઈ કોટડીયા (ઉ.વ.૨૫) ગઈ કાલે સાંજે પોતાની વાડીથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં તેઓ કનુ વરુ અને દાદા વરુ પાસે મજૂરીના બાકી નીકળતા રૂપિયા ૧ હજાર માંગતા બંનેએ ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો.

જેથી અલ્પેશભાઈએ પોતાના ભાઈ અને માતાને બોલાવી લીધા હતા તે દરમિયાન યુવરાજ વરૂ અને મહેશ વરૂ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. અને દાદ વરૂએ ઘણનો એક ઘા માથાના ભાગે ઝીકી દેતા ઈજા પહોંચી હતી. ત્યારબાદ ચારેય શખ્સોએ અલ્પેશભાઈ અને તેના ભાઈ મુકેશભાઈ સાથે મારામારી કરી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ આપી હતી.

તો સામે પક્ષે પણ કનુભાઈ દીલુભાઈ વરૂ (ઉ.વ. ૩૦)એ ફરિયાદ આપી છે કે, તેમની વાડી ખાતે સોલાર કંપનીનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અલ્પેશ કોટડીયા ત્યાં આવી મજૂરીના રૂપિયા માંગવા લાગ્યા હતા. જો કે, આ તમામ રૂપિયા અગાઉ ચૂકવી દેવામાં આવ્યા હોવાનું કહેતાં અલ્પેશ ઉશ્કેરાઈ ગયો અને તેમણે પોતાના ભાઈ મુકેશને બોલાવતા તે કુહાડી લઈને આવી હુમલો કરી હાથના ભાગે બટકું ભરી ઈજા પહોંચાડી બંને ભાઈઓને મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે નાગેશ્રી પોલીસે કનુ દીલુભાઈ વરૂ, દાદા દીલુભાઈ વરૂ, યુવરાજ જોરૂભાઈ વરૂ, મહેશ ચાપભાઈ વરૂ, અલ્પેશ લાખાભાઈ કોટડીયા અને મુકેશ લાખાભાઈ કોટડીયા મળી બંને પક્ષના કુલ ૬ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલા પોલીસે ટ્રકમાંથી ચોરાયેલી ૧૨ બેટરી શોધી કાઢી

## હિડોરણા અને રાજુલા ટાઉન વિસ્તારમાંથી ચોરીનો ભેદ ઉકેલાયો

અમરેલી:રાજુલા પોલીસે ટ્રકમાંથી બેટરી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે કુલ ૧૨ બેટરીની ચોરી કરનાર આરોપીઓને ઝડપી પાડી, ચોરાયેલી તમામ બેટરીઓ રિકવર કરી છે.આ ગુનો ગત ૧૩ જૂન ૨૦૨૬ની રાત્રિના ૧૨ વાગ્યાથી ૧૪ જૂન ૨૦૨૬ના સવારના ૧૦ વાગ્યા દરમિયાન બન્યો હતો. રાજુલાના હિડોરણા ગામ પાસે હાઈવે પર પાર્ક કરેલા ટ્રકોમાંથી અને રાજુલા ટાઉન વિસ્તારમાંથી અજાણ્યા ચોર ઈસમોએ કુલ ૧૨ બેટરીની ચોરી કરી હતી. આ બેટરીઓની કુલ કિંમત રૂ. ૭૮,૦૪૦/- આંકવામાં આવી હતી.

આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાએ ગુનો ઉકેલવા માટે અલગ અલગ ટીમો બનાવી સૂચનાઓ આપી હતી.સર્વેલન્સ ટીમ દ્વારા વિવિધ સીસીટીવી કેમેરા ફૂટેજ તપાસવામાં આવ્યા



હતા અને શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી હતી. ગુજરાત સરકારના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલા કેમેરા જોતા, એક શંકાસ્પદ કાળા રંગની નંબર પ્લેટ વગરની બલેનો ગાડી જોવા મળી હતી.વિવિધ એંગલથી ફૂટેજ તપાસતા, અજાણ્યા ચોર ઈસમો આ ગાડીમાંથી ઉતરીને પાર્ક કરેલા ટ્રકમાંથી બેટરી ચોરી કરતા જોવા મળ્યા હતા. ગાડી અને ઈસમો અંગે ટેકનિકલ અને હ્યુમન સોર્સિસના આધારે તપાસ કરતા, એક આરોપી સાવરકુંડલાનો હોવાનું જાણવા મળ્યું હતું.આરોપીઓને ઝડપી પાડી, ચોરીમાં ગયેલી તમામ બેટરીઓ રિકવર કરીને પોલીસે આ ગુનાનો સફળતાપૂર્વક ભેદ ઉકેલી નાખ્યો છે.

પકડાયેલ આરોપીની વિગત:(૧) અખ્તર અબ્દુલકાદરભાઇ જીરૂકા,(૨) અરમાન સુલેમાનભાઇ ડેલા,(૩) જુબેરભાઇ સિકંદરભાઇ જીરૂકા.

કબ્જે કરેલ મુદામાલની વિગતઃ ચોરી કરેલ બેટરી નંગ-૧૨કી.રૂ. ૭૮,૦૪૦/- ચોરીમા ઉપયોગ કરેલ બલેનો કાર કી.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૩,૭૮,૦૪૦/- નો મુદામાલ કબ્જે કરેલ

ઉપરોક્ત આરોપીઓ રાત્રીના ભેગા થઇ અને ફોર વ્હીલ ગાડી મા આવી અને રોડ પર પાર્ક કરેલ મોટા વાહનો જેવાકે ટ્રક જેમા લગાવેલ કીમંતી બેટરીઓને નીશાન બનાવી અને ટ્રકમાથી બેટરી કાઢી અને ફોર વ્હીલમા બેટરી લઇ અને ચોરી કરી નાસી જઇ ગુન્હો આચરતા.

